


Part 1

# જૂન ૨૦૨૩

## Most IMP Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# [*] 1 જૂન- 2023 [*]

## (*) સંસદ ભવનમાં પ્રસ્થાપિત સેંગોલ.

⇒ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા સંસદ ભવનના ઉદ્ઘાટન સમયે પવિત્ર સેંગોલ સ્થાપિત કર્યું. જે ભારતની સભ્યતા સાથે જોડાયેલ મહત્વપૂર્ણ વસ્તુ છે.

⇒ અંગ્રેજો પાસેથી સત્તા હસ્તાંતરણનું આ સેંગોલ ઐતિહાસિક પ્રતીક છે.

⇒ સેંગોલ શબ્દ તમિલ ભાષાના સેમ્મઈ શબ્દમાંથી આવે છે જેનો અર્થ ધર્મ, સચ્ચાઈ, નિષ્ઠા અને નીતિપાલન થાય છે.

⇒ સેંગોલએ ભારતમાં ચોલ સામ્રાજ્યની આઠમી સદીથી ચાલી આવતી પ્રથા છે.

⇒ એવું પણ માનવામાં આવે છે કે સેંગોલ શબ્દ સંસ્કૃત શબ્દ 'શંકુ' પરથી ઉતરી આવ્યો છે.

⇒ સેંગોલ સોના કે ચાંદીમાંથી બનાવવામાં આવેલ રાજદંડ તરીકે ઉપયોગમાં લેવામાં આવતો જે રાજાઓનો અધિકાર દર્શાવતો હતો.

### • ભારતમાં સત્તા હસ્તાંતરણમાં સેંગોલ પરંપરા •

⇒ 14 ઓગસ્ટ, 1947ની રાત્રે અંગ્રેજો પાસેથી સત્તા હસ્તાંતરણ સમયે જવાહરલાલ નેહરુએ આ સેંગોલનો સ્વીકાર કર્યો.

⇒ લોર્ડ માઉન્ટ બેટનના કહેવાથી સી. રાજગોપાલાચારીએ વિવિધ ગ્રંથોના અધ્યયનથી સેંગોલ પ્રક્રિયા બાબતે માહિતી એકઠી કરી અને ત્યારબાદ સેંગોલની રચના કરી તેને ભારતીય શાસનના હસ્તાંતરણના પ્રતીક રૂપે આપવામાં આવ્યું.

⇒ અત્યાર સુધી આ સેંગોલને અલાહાબાદ સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો હતો.

### • તિરુવદુથુરાઈ અધીનમ અને સેંગોલ •

⇒ રાજગોપાલાચારીએ સેંગોલ માટે તમિલનાડુના મઠ તિરુવદુથુરાઈ અધીનમનો સંપર્ક કર્યો હતો. આ સંસ્થા ભગવાન શિવની ઉપાસના સાથે જોડાયેલ છે.

⇒ સેંગોલની લંબાઈ= 5 ફૂટ

⇒ સેંગોલના મથાળે= નંદીનું પ્રતીક (ન્યાય અને નિષ્પક્ષતા દર્શાવે)

⇒ સેંગોલ તૈયાર કરનાર = ચેન્નઈના ઝવેરી વુમ્મિડી બંગારુ ચેટ્ટી.

## • ભારતમાં સેંગોલનો ઈતિહાસ •

⇒ ભારતમાં ઐતિહાસિક રીતે સેંગોલનો પ્રથમ ઉપયોગ મૌર્ય સામ્રાજ્ય (ઈ.સ.પૂ. 322-185)માં કરવામાં આવતો હતો. મૌર્ય સમ્રાટોએ પોતાના સામ્રાજ્ય પર પોતાનો અધિકાર દર્શાવવા સેંગોલ રાજદંડનો ઉપયોગ કર્યો હતો.

⇒ ગુપ્ત સામ્રાજ્ય (ઈ.સ. 320-550), ચૌલ સામ્રાજ્ય (ઈ.સ. 907-1310), વિજયનગર સામ્રાજ્ય (1336-1646) દ્વારા આ સેંગોલનો ઉપયોગ થયો હતો.

⇒ સેંગોલનો છેલ્લી વખત ઉપયોગ મુગલ સામ્રાજ્ય (ઈ.સ. 1526-1857) દરમિયાન થયો.

⇒ ત્યારબાદ અંગ્રેજ સત્તાએ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ (ઈ.સ. 1600-1858) દ્વારા ભારતમાં પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરવા સેંગોલનો ઉપયોગ કર્યો.

⇒ અંતે 14 ઓગસ્ટ, 1947ની રાત્રે બ્રિટિશ સરકારે આ સેંગોલ ભારતને હસ્તાંતરણ કર્યો.

## • ચૌલ સામ્રાજ્યમાં સેંગોલનું મહત્વ •

⇒ ચૌલ સામ્રાજ્યમાં રાજાઓના રાજ્યાભિષેક સમારંભમાં ભાલ કે દંડ સ્વરૂપે સેંગોલ આપવામાં આવતું.

⇒ આ સેંગોલ સુંદર અને જટિલ નકશીકામથી સજાવવામાં આવતું.

⇒ સેંગોલને અધિકારનું પવિત્ર પ્રતીક માનવામાં આવતો જેમાં એક શાસક સત્તાના હસ્તાંતરણ તરીકે બીજા શાસકને સેંગોલ સોંપતા હતા.

Current Affairs By C.H.Shingala

[*] ભારતનું નવું સંસદ ભવન. 3

⇒ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના એક ભાગ તરીકે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આર્કિટેક્ટ બિમલ પટેલ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ આ ભવનનું નિર્માણ કાર્ય વર્ષ 2019માં શરૂ થયું હતું.

• નવા સાંસદ ભવનની જરૂરિયાત કેમ?! (અહિં - હાલનું અર્થાત-જૂનું સમજવું)

⇒ હાલની ઈમારત લોકશાહી માટે દ્વિગૃહી ધારાસભાને સમાવવા માટે ડિઝાઈન થયેલ ન હતી. જો વર્ષ 2026 બાદ બેઠકોની સંખ્યા વધારવામાં આવી તો સાંસદોને બેસવા માટે જગ્યાની અછત પડે.

⇒ હાલની ઈમારતની મુખ્ય સમસ્યા આગ સલામતીની હતી. જો ઉપરાંત પાણી, ગટર, AC, CCTV જેવી બાબતોનો અમૂક અંશે અભાવ પણ જોવામાં આવે છે.

⇒ હાલનું ગૃહ જ્યારે બન્યું ત્યારે દિલ્લી ભૂકંપ ઝોન-II માં હતું જે અત્યારે ઝોન-5 માં આવતા માળખાકીય સલામતીની તાતી જરૂરિયાત.

• નવા સાંસદ ભવનના મુખ્ય મુદ્દાઓ.

⇒ નવા સંસદ ભવનનો આકાર ત્રિકોણ છે. અને આ ઈમારતમાં વિવિધ ધર્મોમાં જોવા મળતી પવિત્ર ભૂમિતિથી તે પ્રભાવિત છે.

⇒ નવા ભવનના બાંધકામમાં ગ્રીન ટેકનોલોજીના ઉપયોગ થકી જૂની ઈમારતની સાપેક્ષમાં 30% જેટલો ઓછો વીજ વપરાશ થશે.

⇒ નવા ભવનમાં વરસાદી પાણીનો સંગ્રહ અને રિસાયકલિંગ સિસ્ટમ સમાવિષ્ટ છે. જે આગામી 150 વર્ષ સુધી કામ કરવા માટે કાર્યસક્ષમ છે.

⇒ નવું ભવન ભૂકંપ ઝોન-5 માં આવતું હોવાથી તે વિશેષ રીતે ભૂકંપ પ્રતિકૂળ બનાવાયું છે.

⇒ નવી લોકસભા રાષ્ટ્રીય પક્ષી મોરની થીમ પર આધારિત છે. જેની દીવાલો અને છત પર રાષ્ટ્રીય પક્ષી મોરના પીંછાની ડિઝાઈન છે.

⇒ લોકસભાની વર્તમાન 543 સીટની ક્ષમતા વધીને 888 થશે ત્યારે સેન્ટ્રલ હોલની ગેરહાજરીમાં 1272 સીટની જરૂરિયાત સાથે અહીં જ બંને ગૃહની સંયુક્ત બેઠક બોલાવી શકાશે.

Current Affairs By C.H. GPSC

⇒ રાજ્યસભા ગૃહની થીમ કમળ સાથે લાલ રંગની થીમ કાર્પેટ પર આધારિત છે.

⇒ રાજ્યસભા ગૃહ હાલની 250 ની ક્ષમતાએ 384 સંસદ સભ્યોને સમાવવા માટે સક્ષમ છે

⇒ નવી ઈમારતમાં બંધારણ સભાગૃહ બનાવવામાં આવ્યું છે જ્યાં ભારતીય લોકશાહીની ગાથાનું દસ્તાવેજીકરણ થયું હતું.

• બાંધકામમાં વિવિધ સ્થળોથી લવાયેલ વસ્તુઓ •

(1) ધોલપુરના સરમથુરાથી- રેતીના પથ્થર
(2) રાજસ્થાનના જેસલમેરના લાખાથી- ગ્રેનાઈટ.
(3) નાગપુરથી- ડેકોરેશન માટેનું લાકડું
(4) મુંબઈના કારીગરો- આર્કિટેક્ચરલ ડિઝાઈન
(5) ઉત્તરપ્રદેશના ભદોહી વણકરો- હાથ વણાટથી કાર્પેટ બનાવી.

⇒ મહાત્મા ગાંધીની 16 ફૂટની કાંસ્ય પ્રતિમા જે અગાઉ સંસદના મુખ્ય દ્વારે હતી તેને જૂની અને નવી ઈમારત વચ્ચે લાવવામાં આવી.

⇒ ઈમારતની ટોચે 9500 kg ના વજન અને 6.5 મીટર ઊંચાઈનું રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભ રાખવામાં આવ્યો છે.

Current Affairs By C.H. Shingala GPSC

⇒ તમામ સાંસદોને ડિજીટાઈઝેશન તરફ લઈ જવા ટેબ્લેટ અને આઈપેડ પરફેક્ટ ડિસ્પ્લેનો ઉપયોગ.

⇒ ઈમારતમાં 'ફાકટ્સ' નામની ગેલેરીમાં વિવિધ આર્ટ મુકાશે.

⇒ ભારતીય વાસ્તુશાસ્ત્ર અનુસાર તમામ પ્રવેશદ્વાર પર હાથી, ઘોડો, ગરુડ, હંસ, અને પૌરાણિક જીવો શાર્દુલ અને મકરથી નિર્મિત સંરક્ષક મૂર્તિ સ્થાપિત કરવામાં આવી.

⇒ નવી ઈમારતમાં ફોકોલ્ટ લોલક છે જે સંસદના એક પરિભ્રમણ પૂર્ણ કરવામાં 49 કલાક 59 મિનિટ 18 સેકન્ડનો સમય છે. આ લોલક ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી ફોકોલ્ટના નામ પરથી આવ્યું છે જેનો ઉપયોગ પૃથ્વીના પરિભ્રમણને દર્શાવવા થાય છે.

## [*] સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ :-

⇒ આ પ્રોજેક્ટમાં રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, નોર્થ અને સાઉથ બ્લોક, ઈન્ડિયા ગેટ, નેશનલ આર્કાઈવ્ઝનો સમાવેશ થાય છે.

⇒ ડિસે. 1911માં રાજા જ્યોર્જ પંચમે ભારતની રાજધાની કલકત્તાથી દિલ્લી સ્થાનાંતરિત કરી અને આ ઈમારતનું બાંધકામ એડવિન લ્યુટિયન્સ અને હર્બર્ટ બેકર પાસે કરાવ્યું.

⇒ સંસદ ભવનની ઈમારત લ્યુટિયન અને બેકર જ્યારે રાષ્ટ્રપતિ ભવન એડવિન લ્યુટિયને ડિઝાઈન કર્યું.

⇒ સચિવાલય જેમાં ઉત્તર અને દક્ષિણ બ્લોકનો સમાવેશ થાય છે તેની ડિઝાઈન હર્બર્ટ બેકરે કરી હતી.

⇒ કેન્દ્રીય બજેટ 2022-23માં સંસદ તેમજ ભારતની સર્વોચ્ચ અદાલત સહિત મહત્વકાંક્ષી સેન્ટ્રલવિસ્ટા પ્રોજેક્ટના ભવન - કેટલાંક કાર્યાલયના બાંધકામ માટે હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલયને રૂ.2600 કરોડ ફાળવવામાં આવ્યા હતા.

Current Affairs By C.H.Shingala

Crack GPSC

ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

## (*) 2 જૂન - 2023 (*)

**(*) વિશ્વના અર્થતંત્રની પડતી સાથે ભારતના અર્થતંત્રની ચડતી: 273 લાખ કરોડનું ભારતનું અર્થતંત્ર બન્યું.**

⇒ ચીન, અમેરિકા અને જર્મની જેવા દેશોના અર્થતંત્ર સમક્ષ મોટા પડકારો સર્જાયા છે ત્યારે વર્ષ 2022-23માં ભારતે 7.2 % GDP વૃદ્ધિ દર નોંધાવ્યો.

⇒ નેશનલ સ્ટેટિસ્ટિક્સ દ્વારા જાહેર થયેલા આંકડાઓ મુજબ માર્ચ ક્વાર્ટરમાં 6.1 % નો GDP દર જોવા મળ્યો હતો. અને આ સાથે ભારતીય અર્થતંત્રનું કદ 3.3 ટ્રિલિયન ડોલર (273 લાખ કરોડ)નું થયું.

⇒ ભારતે માર્ચ ક્વાર્ટરમાં કૃષિ ક્ષેત્રે 5.5%, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે 4.5% વૃદ્ધિદર નોંધાવ્યો.

⇒ ચીને વર્ષ 2023ના પ્રથમ ત્રણ મહિનામાં 4.5% નો વૃદ્ધિદર નોંધાવ્યો તેની સામે આજ સમયગાળામાં ભારતે 6.1 % નો વૃદ્ધિદર નોંધાવ્યો.

⇒ નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ અનુસાર GDPની તુલનામાં દેશની રાજકોષીય ખાધ 6.4% અંદાજવામાં આવી છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) કચ્છના રણમાં પાકતા મીઠામાં રહેલ પોટાશનો સ્ત્રોત જ એકમાત્ર સ્ત્રોત છે. તેનો ઉપયોગ કરી સોલ્ટ ફાર્મ બનાવાશે.**

⇒ ભારતમાં પોટાશ ખાતરનું ઉત્પાદન માત્ર 2% જ થાય છે જ્યારે 98% આયાત કરવી પડે છે.

⇒ આ સ્થિતિમાં અગરિયા હિતરક્ષક મંચ અને ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા હળવદના રણમાં 60 અગરિયા સાથે મળીને 'મોડેલ સોલ્ટ ફાર્મ' બનાવ્યું. અને આ અગરિયાઓએ મીઠાના વેસ્ટ પાણીમાંથી રૂ. 261 Kgના ભાવે પાકતું 35 કિલો પોટાશ બનાવી ઈતિહાસ રચ્યો.

⇒ હાલ ગુજરાતના કચ્છના રણમાં પાકતું મીઠું જ દેશભરનો પોટાશનો એકમાત્ર સ્ત્રોત હોવાનું માનવામાં આવે છે.

⇒ અહીં ઉત્પાદન થયેલ મીઠા સાથે બાય પ્રોડક્ટ રિકવરી તરીકે મેગ્નેશિયમ, જિપ્સમ, મિક્સર, લ્યુસોબિયમ, સોલ્ટ પોટાશ પણ મેળવી શકાય છે. આ પ્રોડક્ટને અલગ કરવા ભાવનગરની CSMCRI સંસ્થા પેટન્ટ ધરાવે છે.

## [*] અહમદનગરનું નવું નામ - અહલ્યાનગર

⇒ મહારાષ્ટ્ર સરકારે અહમદનગરનું નામ બદલવાના રાણી 'અહલ્યાબાઈ હોલ્કર'ના નામે કરવાનો નિર્ણય કર્યો.

⇒ મહારાષ્ટ્રના CM એકનાથ શિંદેએ અહલ્યાબાઈની 298મી જયંતીની ઉજવણી નિમિત્તે આ જાહેરાત કરી છે.

⇒ અગાઉ શિંદે સરકાર ઔરંગાબાદનું છત્રપતિ શિવાજીનગર અને ઉસ્માનાબાદનું ધારાશિવ નામકરણ કરી ચૂકી છે.

## [*] લદ્દાખમાં પ્રાચીન જલવાયુ રહસ્યનું અનાવરણ.

⇒ વૈજ્ઞાનિકોએ લગભગ 19.6 થી 6.1 હજાર વર્ષ પહેલાંના પ્લેઈસ્ટોસીન સમયગાળા દરમિયાન આબોહવા પરિવર્તનને સમજવામાં નોંધપાત્ર સફળતા મેળવી.

⇒ લદ્દાખમાં સિંધુ નદી ખીણમાં પ્રાચીન સરોવરમાંથી કાંપના કણોનાં અભ્યાસથી વૈજ્ઞાનિકોએ આબોહવાના ઈતિહાસની માહિતી મેળવી.

⇒ વૈજ્ઞાનિકોએ સિંધુના કિનારે 3287 મીટરની ઊંચાઈએ મળી આવેલા 18 મીટર જાડા કાંપના નમૂના લીધા અને તેના રંગ, રચના, કણોનું કદ, કાર્બનિક તત્વ અને ચુંબકીય પરિબળોનું નિરીક્ષણ કર્યું.

Current Affairs By G.H Shingala GPSC

### • આ પરીક્ષણમાં લદ્દાખનું મહત્વ •

⇒ ટ્રાન્સ હિમાલય સ્થિત લદ્દાખ પ્રદેશ ઉત્તર એટલાન્ટિક અને ચોમાસાના સક્રીય વિસ્તારની પર્યાવરણીય સીમા તરીકે કાર્ય કરે છે.

⇒ આ વિસ્તાર અત્યંત તાપમાન, નીચા ઓક્સિજન સ્તર, શુષ્ક પરિસ્થિતિઓથી વર્ગીકૃત થયેલ છે. ગ્લોબલ વોર્મિંગના સંદર્ભમાં આ વાતાવરણીય પરિભ્રમણની પરિવર્તનશીલતા અને પ્રાદેશિક આબોહવા પેટર્નની અસર સમજવી મહત્વપૂર્ણ છે.

⇒ આ વિસ્તારમાંથી મળી આવેલ કાંપના પુરાવાનો ઉપયોગ પ્રાચીન આબોહવાને સમજવા માટે થઈ શકે છે.

⇒ તાજેતરમાં આબોહવા પરિવર્તનને કારણે ગ્લેશિયરની થઈ રહેલી પીછેહઠના સંશોધન માટે લદ્દાખનો આ વિસ્તાર અત્યંત સુધાળ છે.

[*] વસ્તીના આધારે મતવિસ્તારમાં સીમાંકન બાબત અને દક્ષિણના રાજ્યોનો વિરોધ.

⇒ દક્ષિણ ભારતના રાજ્યોમાં રાજકારણીઓ દ્વારા વસ્તીના આધારે મતવિસ્તારના સીમાંકન સામે વિરોધ વ્યક્ત કરી રહ્યા છે.

⇒ વસ્તી નિયંત્રણ નીતિઓને અનુસરતા દક્ષિણના રાજ્યો હવે વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરવામાં સફળ હોવા છતાં સંભવિત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

⇒ સીમાંકનનો અર્થ કાયદાકીય સંસ્થા સાથે દેશ અથવા પ્રાંતમાં પ્રાદેશિક મતવિસ્તારની સીમા નક્કી કરવાની પ્રક્રિયા.

⇒ સીમાંકન આયોગ કાયદો વર્ષ 1952માં ઘડાયો હતો. અને આ આયોગની રચના ભારતના રાષ્ટ્રપતિ કરે છે અને તે ભારતના ચૂંટણીપંચ સાથે રહીને કાર્ય કરે છે.

⇒ 1952, 1962, 1972 અને 2002ના કાયદાના આધારે 1952, 1963, 1973 અને 2002 માં સીમાંકન આયોગ રચાયું હતું. અંતિમ સીમાંકન વર્ષ 1976માં 1971ની વસ્તી ગણતરીના આધારે કરાયું હતું.

⇒ ભારતના બંધારણીય આદેશ અનુસાર લોકસભાની બેઠકોની ફાળવણી દરેક રાજ્યની વસ્તીના આધારે થવી જોઈએ જેથી તમામ રાજ્યોમાં બેઠકો અને વસ્તીનો ગુણોત્તર લગભગ સમાન રહે. અને દરેક વ્યક્તિના મતનું મુલ્ય પણ સમાન રહે.

⇒ બંધારણની કલમ-82- સંસદને દરેક વસ્તી ગણતરી પછી સીમાંકન કાયદો ઘડવાની સત્તા.

⇒ બંધારણની કલમ-170- દરેક વસ્તી ગણતરી પછી સીમાંકન અધિનિયમ અનુસાર રાજ્યોને પ્રાદેશિક મતવિસ્તારમાં વિભાજિત કરવામાં આવે છે.

⇒ દક્ષિણના રાજ્યોમાં દેશની વસ્તીના માત્ર 18% હોવા છતાં દક્ષિણના રાજ્યો દેશના GDPમાં 35% ફાળો આપે છે ત્યારે વસ્તી આધારિત સીમાંકન પ્રક્રિયા દક્ષિણના રાજ્યોમાં આવેલી પ્રગતિની અવગણના કરતું હોવાનું વિશ્લેષકો માને છે.

⇒ વસ્તી આધારિત સીમાંકન બંધારણીય કલમ 330 અને 332 હેઠળ અનુ. જાતિ અને અનુ. જનજાતિના અનામત બેઠકોને પણ વિભાજિત કરે છે.

⇒ 2031ની વસ્તી ગણતરીના આધારે મતવિસ્તારની સીમાઓને નિર્ધારિત કરવા હાલ નવા સીમાંકન આયોગની રચનાને સંપૂર્ણ અવકાશ છે. સીમાંકન આયોગની ભલામણના આધારે રાજ્યોને નાના રાજ્યોમાં વિભાજિત કરી રાજ્ય પુનર્ગઠન કાયદો ઘડવો જોઈએ.

Current Affairs By C.H. Shingala GPSC

⇒ સીમાંકન આયોગે પ્રતિનિધિત્વની પરિણામી અસમાનતાને દૂર કરવા માત્ર વસ્તીના માપદંડને બદલે વિકાસ સૂચકાંક, માનવવિકાસ અને કુટુંબ નિયોજન કાર્યક્રમની અમલવારીના પ્રયાસો જેવા પરિબળોને ધ્યાને લેવા જોઈએ.

**• પરીસીમન આયોગ •**

⇒ પરિસીમન આયોગની રચના રાષ્ટ્રપતિ કરે છે તથા આ આયોગ ભારતના ચૂંટણી પંચના સહકારથી કામ કરે છે.

⇒ આયોગના સભ્યો ⇒ ① સર્વોચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત જજ
② મુખ્ય ચૂંટણી કમિશનર
③ સંબંધિત રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર

⇒ પરિસીમન આયોગ એ ભારતની ઉચ્ચશક્તિ પ્રાપ્ત સંસ્થા છે જેના આદેશોને કાનૂની રક્ષણ પ્રાપ્ત થયેલું છે. તેના આદેશોને કોઈ પણ ન્યાયાલયમાં પડકારી શકાતો નથી.

---

## * કરન્ટ ઈન શોર્ટ *

Current Affairs By S H Shingala GPSC

* પંજાબ પોલીસે નશીલી દવાઓના વ્યાપારીક તસ્કરીમાં સામેલ વ્યક્તિઓ પર નજર રાખવા રાજ્યવ્યાપી અભિયાન 'OPS ક્લીન' શરૂ કર્યું.

* ફ્રાંસની રેલ કંપની એલ્સટોપ 100 એલ્યુમિનિયમ બોડીવાળી વંદે ભારત ટ્રેનનું નિર્માણ કરશે.

* G20 દેશોની સ્વિટ્ઝરલેન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની ત્રીજી એમ્પ્લોયમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠક આયોજિત કરી.

* દુબઈએ ડ્રોનના માધ્યમથી દવા વિતરણનું સફળ પરીક્ષણ કર્યું.

* રિયલ મેડ્રિડ ફૂટબોલ ક્લબ વિશ્વનું સૌથી મૂલ્યવાન (6.07 બિલિયન અમેરિકી ડોલર) ક્લબ બન્યું.

* દરેક સિગારેટ પર સ્વાસ્થ્ય ચેતવણી લખનાર કેનેડા વિશ્વનો પ્રથમ દેશ બન્યો.

* સિગરેટ અને અન્ય તંબાકુ ઉત્પાદ અધિનિયમ, 2004 હેઠળ OTT (ઓવર-ધ-ટોપ) પ્લેટફોર્મ માટે તંબાકૂ વિરોધી ચેતવણી દર્શાવવી અનિવાર્ય કરવામાં આવી.

# [*] 3 જૂન - 2023 [*]

## [*] મહાકુંભ - 2025

=> ઉત્તરપ્રદેશ સરકારે મહાકુંભ-2025 માટેની તૈયારીઓ શરૂ કરી, અહેર સુવિધાઓના સ્થળો તથા મંદિરોના બ્યુટિફિકેશન પર ધ્યાન કેન્દ્રિત કરવાની શરૂઆત કરી.

=> આ મહાકુંભમાં પર્યટન વિભાગે 'ડિજિટલ કુંભ મ્યુઝિયમ'ના નિર્માણની પણ દરખાસ્ત મૂકી છે જેના માટે 60 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ સાથે CM આદિત્યનાથે 2025ના કુંભ-મેળાને અત્યાર સુધીનો સૌથી દિવ્ય અને ભવ્ય બનાવવાનો સંકલ્પ કર્યો છે.

=> ડિજિટલ કુંભ મ્યુઝિયમ લોકોને કુંભનો આધુનિક અનુભવ પ્રદાન કરશે. જેમાં આધ્યાત્મિક અને કુંભ મેળા અર્થઘટન ગેલેરી, સમુદ્ર મંથન ગેલેરી, અખાડા ગેલેરીની થીમ આધારિત વિવિધ ગેલેરીઓ વિકસાવાશે.

=> મ્યૂઝિયમમાં ત્રણ નદીઓ ગંગા, યમુના, સરસ્વતીને અલગ-અલગ રંગોનો ઉપયોગ કરીને પ્રદર્શિત કરાશે.

Current Affairs By C.H.Shingala

## [*] વિશ્વ દૂધ દિવસ - 1 જૂન.

=> 2001માં UNના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)એ વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઓળખવા આ દિવસની શરૂઆત કરી.

=> વિશ્વભરમાં દૂધ અને દૂધના ઉત્પાદનો લોકોને આપવા માટે સક્રિય રીતે કામ કરે છે.

=> વર્ષ 2023ની થીમ - 'એન્જોય ડેરી'

**• FAO - Food and Agriculture Organisation •**

=> FAO એ UNની સંસ્થા છે જે ભૂખમરાને દૂર કરી પોષણ અને ખાદ્ય સુરક્ષામાં સુધારા માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું નેતૃત્વ કરે છે.

=> સ્થાપના - 16 ઓક્ટોબર, 1945

=> સભ્ય => (194 દેશ + 1 યુરોપીય સંઘ)

=> મુખ્યાલય = રોમ, ઈટલી

=> અધ્યક્ષ = ક્યૂ ડોંગ્યુ

**★ યાદ રાખો ★**

(1) વિશ્વ દૂધ દિવસ = 1 જૂન

(2) રાષ્ટ્રીય દૂધ દિવસ = 26 નવેમ્બર
(ડો. વર્ગીસ કુરિયન જન્મજયંતી)

## [*] ગોબરધન પોર્ટલ.

⇒ તાજેતરમાં ગોબરધન માટે યુનિફાઈડ રજીસ્ટ્રેશન પોર્ટલ ભારત સરકારે કચરાને સંપત્તિમાં રૂપાંતરિત કરવા અને અર્થતંત્રને પ્રોત્સાહન આપવાની પહેલના ભાગ રૂપે શરૂ કર્યું.

⇒ જલ શક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા આ સુવિધા શરૂ કરી.

⇒ ભારતમાં બાયોગેસ/બાયો CNG પ્લાન્ટ સ્થાપવા ઈચ્છુક કોઈપણ સરકારી, સહકારી અથવા ખાનગી સંસ્થા આ પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે.

⇒ મંત્રાલયે 650 થી વધુ ગોબરધન પ્લાન્ટ્સ સ્થાપવાની સિદ્ધી પર ભાર મૂક્યો.

⇒ GOBARdhan - ગેલ્વેનાઈઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સિસ ધન એ 2018માં સરકારે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ - II હેઠળ શરૂ કરેલ પ્રોજેક્ટ છે.

⇒ આ યોજનાનો ઉદ્દેશ્ય ગામડાંઓમાં પશુ અને કૃષિ કચરા સહિત તમામ કાર્બનિક કચરાને લાંબા સમય સુધી સુરક્ષિત રીતે સંચાલિત કરવાનો છે. અને આ થકી ગ્રામીણ વિસ્તારમાં પર્યાવરણીય સ્વચ્છતાને પ્રોત્સાહન આપી વિષાણુજન્ય રોગોને કાબુમાં લેવા પ્રયત્નો કરાશે.

**• યોજનાના સંભવિત લાભ •**

→ અસરકારક બાયોડિગ્રેડેબલ વેસ્ટ મેનેજમેન્ટ
→ GHG ઉત્સર્જનમાં ઘટાડો
→ સ્થાનિક રોજગારમાં વધારો
→ ગ્રામીણ સમુદાયમાં વધારાની આવકને પ્રોત્સાહન
→ સજીવ ખેતીને પ્રોત્સાહન.

⇒ યોજનાનો લાભ ત્રણ કે તેથી વધુ પશુ ધરાવતા પરિવારો લઈ શકશે અને ઉત્પાદિત ગેસનો બાયોગેસ તરીકે રસોઈમાં ઉપયોગ કરી શકશે.

⇒ આસપાસના ઓછામાં ઓછા કરી10 ઘરો સાથે મળીને પ્લાન્ટ બનાવી શકશે.

⇒ સહકારી મંડળીઓ, ગૌશાળાઓ પણ પ્લાન્ટ સ્થાપી બાયોગેસનું તથા ઉત્પાદિત ખાતરનું વેચાણ કરી શકશે.

## [*] ભારત-વિયેતનામ સમુદ્ર સુરક્ષા બેઠક-3

⇒ ભારત અને વિયેતનામ વચ્ચે સુરક્ષિત સમુદ્રી વ્યવસ્થાને સ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી નવી દિલ્હી ખાતે આ બેઠકનું આયોજન થયું હતું.

⇒ બંને દેશોએ ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સમુદ્રી સુરક્ષા મજબૂત કરવાના પ્રયાસો બાબતે વિચારોનું આદાન પ્રદાન કર્યું.

- ભારત-વિયેતનામ સમુદ્ર સુરક્ષા બેઠક-1 - હનોઈ (2019)
- ભારત-વિયેતનામ સમુદ્ર સુરક્ષા બેઠક-2 - વર્ચ્યુઅલી (2021)

### ⊙ ભારત-વિયેતનામ વચ્ચેના સંબંધો ⊙

⇒ ભારત-વિયેતનામ વચ્ચે 1972માં રાજનૈતિક સંબંધો સ્થાપિત થયા.

⇒ 2016માં બંને વચ્ચે દ્વિપક્ષીય વ્યાપક રણનીતિક સમજૂતીથી સંબંધો મજબૂત બન્યા.

⇒ પ્રથમવાર ભારત-વિયેતનામ વર્ચ્યુઅલ શિખર સંમેલન 2020 ડિસેમ્બરમાં આયોજિત થયું હતું.

## [*] ભારત-યુરોપીય સંઘ સંપર્ક સંમેલન - મેઘાલય ખાતે.

⇒ ભારત-યુરોપીય સંઘ સંપર્ક સંમેલનનું આયોજન વિદેશ મંત્રાલયે કર્યું હતું. જેનો ઉદ્દેશ્ય ભારતના પૂર્વોત્તર રાજ્યો અને નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ જેવાં પાડોશી દેશોમાં સંપર્ક વિસ્તારવધારવાનો છે.

⇒ સંમેલન ત્રણ બાબતો ડિજિટલ, ઊર્જા અને પરિવહનના માધ્યમથી એકબીજાને જોડવા માટેની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

⇒ સંમેલનનું ઉદ્ઘાટન મેઘાલયના CM કોનરાડ સંગમા અને કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી ડૉ. રાજકુમાર રંજનસિંહે કર્યું હતું.

## [*] ટેલી-લૉ કાર્યક્રમ

⇒ કાયદા અને ન્યાય મંત્રાલયના ન્યાય વિભાગે શરૂ કરે ટેલી-લૉ કાર્યક્રમે 40 લાખ લાભાર્થીઓનો ઈતિહાસ રચ્યો.

⇒ કાર્યક્રમ અંતર્ગત ઈ-ઈન્ટરફેસ વ્યવસ્થા છે જેના માધ્યમથી કોર્ટમાં દલીલ અગાઉ કાયદાકીય સલાહ આપવામાં આવે છે.

⇒ 2017માં કેન્દ્ર સરકારે જરૂરતમંદ અને નિર્ધન વ્યક્તિને પંચાયત સ્તરે કાયદાકીય સલાહ મળી રહે તે માટે આ યોજના શરૂ કરી હતી.

## [*] 4 જૂન - 2023 [*]

### [*] સરકારે 14 ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ પ્રતિબંધિત કરી.

⇒ સરકારે નિમસુલાઈડ, પેરાસિટામોલ ફિનાઈલેફ્રાઈન, ક્લોફેનિરામાઈન મેલેટ, કોડિન સિરપ જેવી 14 દવાઓ પર પ્રતિબંધ મૂક્યો.

⇒ આ દવાઓ કોઈ રોગનિવારણને સમર્થન ન આપતી હોવાની અને આરોગ્ય માટે જોખમી હોવાના નિર્ણય બાદ બંધ કરવામાં આવી.

⇒ આ તમામ દવાઓ મુખ્યત્વે સામાન્ય ચેપ, ઉધરસ અને તાવની સારવાર માટે વાપરવામાં આવતી હતી.

⇒ નિષ્ણાંતોની ભલામણના આધારે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ, 1940ની કલમ 26A હેઠળ આ દવાઓના વેચાણ તથા વિતરણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

⇒ અગાઉ 2016માં સરકારે સુપ્રિમ કોર્ટના નિર્ણય અનુસાર 344 દવાઓના સંયોજનના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો હતો.

### [*] ગુજરાત રાજ્ય સરકારની 'વન કવચ' યોજના.

⇒ ગુજરાત સરકાર વન મહોત્સવની સાથે સાથે શહેરો નજીક જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી એક થી દોઢ હેક્ટર વિસ્તારમાં એવા 100 હેક્ટરની કુલ જમીનમાં 86 વન ઊભા કરશે.

⇒ આ પ્રકારના મિયાવાકી વનને સરકારે 'વન કવચ' નામ આપ્યું છે.

⇒ અત્યાર સુધી થયેલા વન મહોત્સવ દરમિયાન એક હેક્ટરમાં વધુમાં વધુ 1500 વૃક્ષો લગાવાયા જેની તુલનાએ 'વન કવચ' યોજનામાં 1x1 મીટરમાં એક એવા 10 હજાર વૃક્ષો વાવવામાં આવશે.

⇒ વન કવચમાં ત્રણ સ્તરે વૃક્ષ ઉછેર થશે.

1. ઉચ્ચ સ્તર = આંબો, આમલી, હરડે, કલમ, લીમડો, બહેડા
2. મધ્ય સ્તર = બોર, હરડે, આમળાં, કણજ, સીરસ, સીસું, બિલાઈ, ગુંદી
3. નિમ્ન સ્તર = કુંદી, સીતાફળ, પારિજાત, શતાવરી, સરગવો, કૌચા.

⇒ વર્ષ 2023ના રાજ્ય વન મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યનું પ્રથમ 'વન કવચ' અંબાજી ખાતે (2 હેક્ટર) ઉદ્ઘાટન કરશે. અને એ સાથે અન્ય 85 વન કવચની સ્થાપના માટેની શરૂઆત કરશે.

Current Affairs By C.H.Shrimala

## (*) બ્રિક્સ કરન્સી અને ડી-ડોલરાઈઝેશન.

⇒ રશિયા અને યુક્રેનના યુદ્ધ દરમિયાન અમેરિકા જેવા દેશોએ યુક્રેનની કરેલી મદદ અને સમગ્ર વિશ્વમાં થતી તમામ આંતરરાષ્ટ્રીય નાણાકીય લેવડ દેવડ માટે અમેરિકી ડોલરનો થતો ઉપયોગ અમેરિકાને સમગ્ર વિશ્વમાં જમાદારી કરવાની છૂટ અપાય રહ્યો છે ત્યારે અમેરિકાના આ વર્ચસ્વને ઘટાડવા હાલ જે ચર્ચિત બાબત છે એ છે ડી-ડોલરાઈઝેશન.

⇒ સામાન્ય ભાષામાં ડી-ડોલરાઈઝેશન એટલે ડોલર પરની નિર્ભરતા ઘટાડી, ઈન્ટરનેશનલ ટ્રેડ માટે નવી કરન્સી, સ્થાનિક કરન્સી અથવા કોઈ નવી વ્યવસ્થા અપનાવવી તે.

⇒ તાજેતરમાં સાઉથ આફ્રિકાના કેપટાઉનમાં મળેલ BRICS (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન, સાઉથ આફ્રિકા) ની બેઠકમાં વિદેશ-પ્રધાનોએ બ્રિક્સ કરન્સી બાબતે ચર્ચાને વેગ આપ્યો.

⇒ બ્રિક્સ કરન્સી એટલે BRICS ના પાંચ દેશો વચ્ચે થનાર આર્થિક વ્યવહારો માટેનું નવું ચલણ. વિશ્વની કુલ વસ્તીના 40% હિસ્સો બ્રિક્સ દેશો ધરાવે છે તથા પાંચેય દેશો વિશ્વની કુલ GDPના 30% હિસ્સો ધરાવે છે.

Current Affairs By G.H. Shingala GPSC

**• અમેરિકી ડોલરને મ્હાત આપવા વિવિધ દેશોએ લીધેલા સ્થાનિક નિર્ણયો.**

-> રશિયાએ 80 બિલિયન ડોલર ઓફલોડ કર્યા.
-> રશિયા અને ચીને આર્થિક વ્યવહાર રૂબલ અને યુઆનમાં શરૂ કર્યા.
-> સાઉદી અરેબિયાએ ચીન સાથેના વેપારમાં ચાઈનીઝ કરન્સીને પરવાનગી આપી.
-> લેટિન અમેરિકન દેશ આર્જેન્ટિનાએ ચીન સાથેના વેપારમાં યુઆનને મંજૂરી આપી.

**• ડી-ડોલરાઈઝેશન બાબતે ભારતનો નિર્ણય શા માટે મહત્ત્વનો?**

-> ચીનની વિસ્તારવાદની નીતિના કારણે વિશ્વના દેશોનો તેના પરનો ભરોસો કાયમી ન હોવાના કારણે ચાઈનીઝ કરન્સી યુઆનને વૈશ્વિક કરન્સી તરીકે માન્યતા મળવાની શક્યતા ઓછી છે.
-> યુરોપિયન દેશોના આંતરિક મતભેદોના કારણે તેમનું ચલણ યુરોને માન્યતા મળવી શક્ય નથી.
-> યુદ્ધના કારણે રશિયન રૂબલ, બ્રિટનનું પાઉન્ડ, જાપાનનું યેન પર આ બાબતે વિશેષ લાભ મળી શકે તેમ નથી.

⇒ આ પ્રકારની પરિસ્થિતિમાં દુનિયાના દેશો ભારતીય રૂપિયાને વૈશ્વિક ચલણ બનવા માટે પ્રબળ દાવેદાર માને છે.

⇒ હાલ દુનિયાના 18 દેશોએ રૂપિયાને વ્યવહારમાં મંજૂરી આપી છે તથા 64 દેશોએ રૂપિયામાં પોતાનો રસ દાખવ્યો છે.

⇒ જ્યારે વિશ્વના 30 દેશો પોતાના વ્યવહારમાં ભારતીય રૂપિયાનો સમાવેશ કરશે ત્યારે નિયમાનુસાર ભારતીય રૂપિયો વૈશ્વિક કરન્સી જાહેર થશે અને અમેરિકી ડોલરને કમરતોડ ફટકો પડવાની શક્યતાઓ સેવાય રહી છે.

## [*] ભારતીય કાયદા પંચે રાજદ્રોહને જેમનો તેમ રાખવા ભલામણ કરી.

⇒ ભારતીય કાયદા પંચે રાજદ્રોહ પરના 153 વર્ષ જૂના કાયદાને શરૂ રાખવાની ભલામણ કરી.

⇒ કાયદા પંચે રાજદ્રોહની વ્યાખ્યા, સમજ અને ઉપયોગ પર વિશેષ સ્પષ્ટતા આપવા ભારતીય દંડ સંહિતાની કલમ 124-A માં સંશોધનની પણ ભલામણ કરી. અને 124-A ના દુરુપયોગ બાબતે ચિંતા પણ વ્યક્ત કરી.

⇒ ન્યાયમૂર્તિ રિતુ રાજ અવસ્થીની અધ્યક્ષતા વાળા કાયદા પંચે 124-A ને કેદારનાથ બાબતે SC ના 1962 ના ચુકાદા અનુસાર બનાવવાની ભલામણ કરી. કેદારનાથ કેસમાં SC એ આ કાયદો હિંસા ભડકાવનાર સુધી જ સીમિત કરવાની બાબતે ધ્યાન દોર્યું હતું.

⇒ હાલમાં 124-A હેઠળ આજીવન કેદ તથા દંડ અથવા ત્રણ વર્ષની જેલ અને દંડની જોગવાઈ સામે આયોગે સજા વધારીને સાત વર્ષ કરવાની ભલામણ કરી છે.

⇒ 11 મે 2022 ના રોજ સુપ્રીમ કોર્ટે રાજદ્રોહ કાયદા પર રોક લગાવતા કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ કાયદા વિરુદ્ધ ધરપકડ પર રોક લગાવી હતી.

## [*] વિશ્વ સાઈકલ દિવસ - 3 જૂન

⇒ વર્ષ 2018માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની જાહેરાત કરી જેનો ઉદ્દેશ્ય લોકોને સાઇકલ ચલાવી સ્વાસ્થ્યના લાભો બાબતે પ્રોત્સાહિત કરવાનો છે.

⇒ વિશ્વ સાઇકલ દિવસની સ્થાપનાનું નેતૃત્વ તુર્કમેનિસ્તાને કર્યું હતું.

⇒ વર્ષ 2023ની થીમ - સતત ભવિષ્ય માટે એકસાથે સવારી.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] સૂરીનામમાં ભારતીયોના આગમનની 150મી વર્ષગાંઠ.

⇒ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સૂરીનામમાં ભારતીયોના આગમનની 150મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે હાજરી આપી. તેમને સૂરિનામના જોહન એડોલ્ફ પેંગલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું.

⇒ 5 જૂન, 1873ના એસએસ લલ્લા રૂખ જહાજ દ્વારા સૂરીનામમાં પ્રથમ ભારતીય ગિરમિટિયા મજૂરોએ આગમનની આ ઉજવણી કરવામાં આવી.

⇒ 1873 થી 1916 વચ્ચે લગભગ 34000 ભારતીયો સૂરીનામ ગયા.

⇒ ભારત - સૂરીનામ વચ્ચે ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે.

**• સૂરીનામ •**

→ સૂરીનામ દક્ષિણ અમેરિકામાં સ્થિત છે જે એટલાન્ટિક મહાસાગર, ફ્રેંચ, ગુયાના, અને બ્રાઝીલ સાથે સરહદ ધરાવે છે.

→ દક્ષિણ અમેરિકાનું તે સૌથી નાનું સંપ્રભુ રાજ્ય છે.

→ વર્તમાન રાષ્ટ્રપતિ - ચૅન સંતોખી
રાજધાની - પારામારિબો
ચલણ - સૂરીનામ ડોલર

રાષ્ટ્રપતિ મુર્મુનું સ્વાગત કરનાર
ચંદ્રિકા પ્રસાદ સંતોખી

## [*] ત્રીજા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની સમાપ્તિ.

⇒ આ સમાપન સમારોહ બનારસ હિંદૂ વિશ્વવિદ્યાલય પરિસરમાં આયોજિત થયું હતું.

⇒ કાર્યક્રમમાં કેન્દ્રીય યુવા બાબતના મંત્રી અનુરાગસિંહ ઠાકુર, નિશીથ પ્રામાણિક તથા UP ના CM આદિત્યનાથ હાજર રહ્યા હતા.

⇒ ત્રીજા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ ઓવરઓલ ચેમ્પિયન બની.

⇒ 12 દિવસ સુધી ચાલેલ આ ગેમ્સમાં 131 વિશ્વવિદ્યાલયોએ ભાગ લીધો અને તમામ ગેમ્સનું લખનઉ, વારાણસી, ગોરખપુર અને ગૌતમબુદ્ધનગર એમ વિવિધ જગ્યાએ આયોજન કરાયું હતું.

⇒ ગેમ્સમાં જીતેલા મેડલ.

(1) પંજાબ યુનિ. = 26 ગોલ્ડ, 17 સિલ્વર, 26 બ્રોન્ઝ (69)
(2) ગુરુનાનકદેવ યુનિ, અમૃતસર = 24 ગોલ્ડ, 27 સિલ્વર, 17 બ્રોન્ઝ.
(3) કર્ણાટક જૈન યુનિ. = 16 ગોલ્ડ, 10 રજત, 6 બ્રોન્ઝ.

## [*] 5 જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ (ગુજરાત રાજ્યકક્ષાની ઉજવણી • અંબાજી ખાતે •)

⇒ 1972માં સંયુક્ત રાષ્ટ્રએ માનવ પર્યાવરણ પર સ્ટોકહોમ સંમેલનમાં 5 જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ જાહેર કરી. વર્ષ 1973માં પ્રથમ વાર 'માત્ર એક પૃથ્વી' થીમ સાથે આ દિવસ ઉજવ્યો.

⇒ વર્ષ 2023માં વિશ્વ પર્યાવરણ દિવસની 50મી વર્ષગાંઠ ઉજવવામાં આવી.

⇒ વિશ્વ પર્યાવરણ દિવસ 2023 કોટે ડી આઈવર નેધરલેન્ડની મેજબાન ભાગીદારીમાં ઉજવાશે અને વર્ષ 2023ના આ દિવસની થીમ - 'પ્લાસ્ટિક પ્રદૂષણનું સમાધાન' (બીટ પ્લાસ્ટિક પોલ્યુશન) રાખવામાં આવી.

⇒ વર્ષ 2019માં 45માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીમાં ભારત મેજબાન રાષ્ટ્ર હતું ત્યારે પણ થીમ - બીટ પ્લાસ્ટિક પોલ્યુશન રાખવામાં આવી હતી.

⇒ દર વર્ષે વૈશ્વિક સ્તરે 400 મિલિયન ટન પ્લાસ્ટિકના કચરાનું નિર્માણ થાય છે જેમાં 50% હિસ્સો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો છે.

⇒ માઈક્રોપ્લાસ્ટિક 5mm વ્યાસના નાના પ્લાસ્ટિકને ગણવામાં આવે છે તથા 50 માઈક્રોનથી નીચેના પ્લાસ્ટિકને સિંગલ યુઝ પ્લાસ્ટિક ગણવામાં આવે છે.

## [*] આર્કટિક સૈન્ય અભ્યાસ - નાટો.

⇒ નાટો દેશોએ નવા સદસ્ય ફિનલેન્ડની રક્ષા માટે આર્કટિક સૈન્ય અભ્યાસ આયોજિત કર્યો.

⇒ ફિનલેન્ડે નાટોના 31માં સભ્ય બન્યા બાદ આ સૈન્ય અભ્યાસની મેજબાની કરી. ફિનલેન્ડના નાટોમાં સમાવેશથી રશિયા સાથે નાટોની સરહદ બમણી થઈ.

⇒ આ અભ્યાસમાં નોર્વે, બ્રિટન, અમેરિકા અને સ્વીડનના 1000 સહયોગી સૈનિક અને 6500 ફિનિશ સૈનિકોએ ભાગ લીધો.

⇒ સ્વીડન જુલાઈ, 2023માં વિલ્નિયસમાં આયોજિત થનાર નાટોના શિખર સંમેલનમાં નાટોના સભ્ય બનવાની આશા દાખવી રહ્યું છે.

[*] સાંચી-મધ્યપ્રદેશનું પ્રથમ સોલાર સીટી બનશે.

⇒ યુનેસ્કોની વિશ્વ વિરાસત સ્થળની યાદીમાં સમાવિષ્ટ સાંચી ટૂંક સમયમાં સોલાર સીટી બનશે.

⇒ સાંચી કર્કવૃત્ત રેખા પર આવેલું હોવાથી સૂર્યના કિરણોનો વધુમાં વધુ લાભ મળી શકશે. આ પ્રકારના પ્રોજેક્ટથી સાંચીના દરેક ઘરમાં સોલારથી વીજળી પહોંચાડવામાં આવશે.

⇒ સાંચી ખાતે 5 MW અને 3 MW ક્ષમતાના બે સૌર સ્ટેશનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

⇒ સાંચી શહેર વાર્ષિક આંદાજે 3 મિલિયન યુનિટ ઊર્જાની આવશ્યકતા ધરાવે છે જેની સામે 5.6 મિલિયન યુનિટ ઉત્પાદનની વ્યવસ્થા કરવામાં આવશે.

⇒ દીવ દિવસ દરમિયાન સંપૂર્ણ સૌર ઊર્જા સંચાલિત ભારતનું પ્રથમ શહેર છે જ્યારે ગુજરાતનું મોઢેરા સૌર ઊર્જા સંચાલિત ભારતનું પ્રથમ ગામ છે.

[*] સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાયર્મેન્ટ-2023 રિપોર્ટ.

⇒ વનક્ષેત્ર એટલે કે હરિયાળીના સંરક્ષણ અને શહેરી કચરાના નિકાલમાં તેલંગાણા પ્રથમ ક્રમે જ્યારે ગુજરાત બીજા ક્રમે છે.

⇒ આ યાદી મુજબ ગોવા, મહારાષ્ટ્ર અને હરિયાણા અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમાં સ્થાને છે.

⇒ આ યાદી મુજબ રાજસ્થાન સૌથી છેલ્લે છે.

⇒ દેશના તમામ રાજ્યોમાં વિવિધ સાત માપદંડો જેવા કે વનક્ષેત્રમાં પરિવર્તન, મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ ટ્રીટમેન્ટ, સુએજ, અક્ષય ઊર્જા, નદી પ્રદૂષણ, ભૂજળ સ્તરને ધ્યાને લેવામાં આવ્યા છે.

⇒ યાદી મુજબ તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ઓડિશાના વન વિસ્તારમાં વધારો થયો જ્યારે નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમના વન વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો.

⇒ ભૂજળની બાબતમાં અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મેઘાલયનો દેખાવ સારો રહ્યો.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
● અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

# [*] કરન્ટ ઈન શોર્ટ [*]

[*] માઉન્ટ એવરેસ્ટ સર કરનાર તમિલનાડુની પ્રથમ મહિલા મુથમિઝ સેલ્વી બની.

[*] કપડા મંત્રાલયે ઈન્ડિયન ટેકનિકલ ટેક્સટાઈલ્સ એસોસિએશન (ITTA) અને વૂલ રિસર્ચ એસોસિએશન (WRA) સાથે મળી નવી દિલ્હી ખાતે 'ધ ફ્યૂચર ઓફ સ્પોર્ટ ટેક્સટાઈલ્સ એન્ડ એક્સેસરીઝ ઈન્ડસ્ટ્રી ઈન ઈન્ડિયા' વિષય પર સ્પોર્ટટેક કોન્ક્લેવનું આયોજન કર્યું.

[*] કાર્તિક આર્યન જેબ્રોનિક્સ TVના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.

[*] પત્રકાર લેખક જુપિંદરજીત સિંહ લિખિત 'હૂ કિલ્ડ મૂસેવાલા?' પુસ્તક સિદ્ધુ મુસેવાલાની મૃત્યુ પર આધારિત લોન્ચ કરાશે.

[*] એડગાર્સ રિંકેવિક્સ લાતવિયાના નવા રાષ્ટ્રપતિ બન્યા.

[*] G20 ની ત્રીજી સ્વાસ્થ્ય બેઠક હૈદરાબાદ ખાતે આયોજિત થઈ.

[*] 2025માં વિશ્વના સૌથી મોટા સંરક્ષણ સંમેલનની UAE મેજબાની કરશે. (IUCN)

[*] મણિપુર હિંસાની તપાસ માટે સરકારે ગુવાહાટી HCના પૂર્વ ન્યાયાધીશ અજય લાંબાની અધ્યક્ષતામાં પેનલની રચના કરી.

Current Affairs By C.H.Shingala GPSC

—— * ——

# ✱ 6 જૂન - 2023 ✱

✱ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સૂરીનામના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત થયા.

⇒ રાષ્ટ્રપતિ મુર્મૂને સૂરીનામના પારામારિબો ખાતે સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ધ ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ ચેન ઓફ ધ યેલો સ્ટાર' થી સન્માનિત કરવામાં આવ્યા.

⇒ આ સન્માન સૂરીનામના રાષ્ટ્રપતિ ચંદ્રિકાપ્રસાદ સંતોખીના હસ્તે આપવામાં આવ્યું. અને આ પ્રકારનું સન્માન મેળવનાર મુર્મૂ પ્રથમ ભારતીય છે.

⇒ રાષ્ટ્રપતિ મુર્મૂની સૂરીનામ મુલાકાત દરમિયાન બે કરાર સ્વાસ્થ્ય ક્ષેત્રના અને એક કૃષિક્ષેત્રે એમ ત્રણ કરારો કરવામાં આવ્યા.

⇒ આ ઉપરાંત ભારત સરકારે કૈરેબિયાઈ દેશોને પુર રાહત ફંડ તરીકે 5.1 કરોડની ~~આવશ્ય~~ આવશ્યક દવાઓ આપવાની જાહેરાત કરી.

✱ ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ જહાજ - એમવી એમ્પ્રેસ.

⇒ ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ જહાજ એમવી એમ્પ્રેસને કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ચેન્નઈથી શ્રીલંકા માટે લીલી ઝંડી આપી.

⇒ આ સાથે રૂ. 17 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત ચેન્નઈ ઈન્ટરનેશનલ ક્રૂઝ ટૂરિઝમ ટર્મિનલ શરૂ કરવામાં આવ્યો. જેનાથી સમુદ્રી પર્યટન અને વેપારના એક નવા યુગની શરૂઆત થઈ.

⇒ આ ક્રૂઝ સેવા ઘરેલૂ અને આંતરરાષ્ટ્રીય ક્રૂઝ સેવા શરૂ કરવા 2022માં અતુલ્ય ભારત આંતરરાષ્ટ્રીય ક્રૂઝ શિખર સંમેલન દરમિયાન ચેન્નઈ પોર્ટ અને મેસર્સ વોટરવેઝ લીઝર ટૂરિઝમ પ્રા.લી. વચ્ચે થયેલ કરારનું પરિણામ છે.

⇒ એમવી એમ્પ્રેસ માટે બનાવેલ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલ 2880 વર્ગમીટર ક્ષેત્રમાં 3000 યાત્રીઓનો સમાવેશ ક્ષમતા ધરાવે છે.

⇒ આ ક્રૂઝ સેવા શ્રીલંકાના હંબનટોટા, ત્રિંકોમાલી અને કાંકેસંતુરી બંદરોને જોડશે.

## ⊠ એશિયાની સૌથી મોટી ક્લસ્ટર વિકાસ યોજના - થાણે.

⇒ એશિયાની સૌથી મોટી અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ક્લસ્ટર વિકાસ યોજના મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ થાણે ખાતે શરૂ કરી.

⇒ આ યોજનાની સંકલ્પના અનઅધિકૃત અને ગેરકાયદે રહેલી ખતરનાક ઈમારતોના પુનર્વિકાસને સિદ્ધ કરવાનો પ્રયાસ છે.

⇒ આ યોજના થાણેમાં સાઈરાજ બિલ્ડિંગના પડવાથી 18 લોકોના થયેલા મૃત્યુ બાદ ઘડવામાં આવી. જેમાં સુવ્યવસ્થિત રીતે સ્વાસ્થ્ય, શિક્ષણ, રમત, મનોરંજન, પાર્કિંગ, ખરીદી બજાર, નાગરિક સુવિધાઓથી સજ્જ રહેઠાંક બનાવવામાં આવશે.

⇒ યોજના હેઠળ રહેવાસીને 323 વર્ગ ફૂટનું સ્વામિત્વ ધરાવતું ઘર આપવામાં આવશે. અને યોજનાના પ્રથમ ચરણમાં 1500 એકરમાં 10,000 ઘરોનું નિર્માણ કરવામાં આવશે.

## ⊠ કેરળ ફાયબર ઓપ્ટિક નેટવર્ક (KFON) યોજના.

⇒ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને સસ્તા દરે ઈન્ટરનેટ સેવા પ્રદાન કરવા માટે આ યોજના અમલમાં મૂકી.

⇒ આ યોજના અંતર્ગત 20 લાખથી વધુ ગરીબ પરિવારોને મફત ઈન્ટરનેટ સેવા આપવામાં આવશે. જે હેઠળ રાજ્યને ડિજિટલ ડિવાઈડ રાજ્ય બનાવવાનો લક્ષ્યાંક સિદ્ધ કરાશે.

⇒ આ યોજનાના પ્રથમ ચરણમાં ત્રીસ હજાર સરકારી સંસ્થા અને 14000 ઘરોને ઈન્ટરનેટ સુવિધાઓ મળશે.

⇒ કેરળ ભારતનું એકમાત્ર રાજ્ય છે જે ઈન્ટરનેટ સુધી પહોંચવાનો પ્રાથમિક અધિકાર આપે છે.

**• KFON •**

→ KFON ને 2022માં દૂરસંચાર વિભાગ તરફથી ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર (ISP)નું લાયસન્સ પ્રાપ્ત થયેલ છે.

→ RFON એ હાઈસ્પીડ ઈન્ટરનેટ સુવિધા આપતી કેરળ રાજ્ય સરકારની પહેલ છે.

[*] બી.આર. ચોપડાની મહાભારતમાં શકુની મામાનો કિરદાર નિભાવનાર ગુફી પેન્ટલનું નિધન.(79 વર્ષ)

⇒ ગુફી પેન્ટલ કે જેઓ મહાભારત ટીવી સિરિયલમાં શકુની મામા તરીકે જાણતા હતા તેમનું નિધન થયું.
⇒ ગુફીએ ચૈતન્ય મહાપ્રભુ નામક ફિલ્મનું નિર્દેશન પણ કર્યું હતું.

[*] વિશ્વના જાસૂસ વિભાગના વડાઓની સિંગાપુરમાં ગુપ્ત બેઠક.

⇒ વિશ્વની અંદાજિત બાર ડઝન જેટલી ગુપ્તચર એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓએ સિંગાપોરમાં શાંગરી-લા ડાયલોગ સુરક્ષા બેઠકનું ગુપ્ત આયોજન કર્યું હતું.
⇒ આ બેઠકનું આયોજન સિંગાપોર દ્વારા કરવામાં આવે છે પરંતુ તેની અગાઉથી જાણ કરવામાં આવતી નથી.
⇒ USનું પ્રતિનિધિત્વ નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર અવિરલ હેઈન્સ દ્વારા કરવામાં આવ્યું.
⇒ ભારત તરફથી ભારતના વિદેશી ગુપ્તચર એજન્સી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના વડા સામંત ગોયલ હાજર રહ્યા હતા.

[*] ભદરવાહ ભારતની લવંડર રાજધાની અને એગ્રી સ્ટાર્ટઅપ ડેસ્ટિનેશન.

⇒ જમ્મુ-કશ્મીર ક્ષેત્રના ભદરવાહ ખાતે આયોજિત 2-દિવસીય લવંડર ઉત્સવના ઉદ્દઘાટન સમારોહમાં કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ભદરવાહને ભારતની લવંડર રાજધાની તરીકે સંબોધિત કરી. (લવંડર રાજધાની = જાંબલી ક્રાંતીનું જન્મસ્થળ)
⇒ વડાપ્રધાન મોદીએ 99મો મન કી બાત સમયે જમ્મુના ખેડૂતોમાં વર્ષોથી પ્રચલિત મકાઈની ખેતીના સ્થાને લવંડર તરફ ખેડૂતોના હરિયાળીની ચર્ચા કરી હતી અને આ ઉદ્યોગને પ્રોત્સાહિત કર્યો હતો. અને આ માટે કેન્દ્ર સરકારે મિશન અરોમા અમલમાં મુક્યું છે.
⇒ લવંડરની વિવિધતા ભારતમાં સમશીતોષ્ણ પ્રદેશોમાં ખેતી માટે ખૂબ જ ઉપયોગી છે.

# (*) કરન્ટ ઈન શોર્ટ (*)

(*) બ્રાઝિલના ઈબ્રાહિમોવિકે 41 વર્ષની ઉંમરે ફૂટબોલમાંથી સન્યાસ લીધો.

(*) ISSF જૂનિયર વર્લ્ડકપમાં ધનુષ શ્રીકાંતે ભારતને ત્રીજો ગોલ્ડ અપાવ્યો.

(*) સિદ્ધાર્થ ચૌધરીએ એશિયાઈ અંડર-20 એથલેટિક્સ ચેમ્પિયનશિપ (શૉટપુટર)માં ગોલ્ડ મેળવ્યો.

(*) RBI ગવર્નર શક્તિકાંત દાસે નાણાકીય સમાવેશ ડેશબોર્ડ 'અંતર્દૃષ્ટિ' લોન્ચ કર્યું.

(*) ભારતીય નૌસેનાએ મેડ ઈન ઈન્ડિયા હેવીવેટ ટોરપીડોનું પાણીની નીચેના લક્ષ્યને નષ્ટ કરવા સફળ પરીક્ષણ કર્યું.

(*) સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)એ મુંબઈમાં તેમની નવી વેબસાઈટ અને મોબાઈલ એપ લોન્ચ કરી. CBFC ના અધ્યક્ષ પ્રસૂન જોશીના મતે આ એપ આગામી ઘટનાઓ, સર્ક્યુલર, સૂચનાઓ તથા રજીસ્ટ્રેશનની રિયલ ટાઈમ માહિતીઓ આપશે.

(*) ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ મોદી સરકારના 9 વર્ષ પૂર્ણ થવાની ઉપલબ્ધિ પર આધારિત પુસ્તક 'અમૃતકાલ કી ઓર' લોન્ચ કર્યું.

(*) ભારતીય રેસલર અમલાન બોરગોહેને બેલ્જિયમના મેર્કસેમમાં ફ્લેંડર્સ કપ 2023માં પુરુષોની 100 અને 200મીટર દોડમાં બે ગોલ્ડ મેડલ મેળવ્યા.

(*) ભારત-માલદીવ વચ્ચે અભ્યાસ 'Ex-Ekatha (એકથા)' ની છઠ્ઠી આવૃત્તિ શરૂ થઈ.

(*) પૂર્વ PM જેસિંડા આર્ડર્નને સામૂહિક શૂટિંગ અને કોરોના-વાયરસ દરમિયાન દેશના નેતૃત્વ માટે ન્યૂઝીલેન્ડનો સર્વોચ્ચ સન્માન 'ડેમ ગ્રેંડ કમ્પેનિયનશિપ' અપાયો.

## [*] 7 જૂન - 2023 [*]

### (*) યુક્રેનના સૌથી મોટા બંધ - કાખોવકા પર રશિયન હુમલો.

⇒ યુક્રેન અને રશિયા વચ્ચેના ભીષણ યુદ્ધ વચ્ચે રશિયાએ યુક્રેનના સૌથી મોટા ડેમ- કાખોવકા પર હુમલો કરી તેને તોડી પાડ્યો.

⇒ આ ડેમ તૂટવાથી 80 ગામોમાં તથા નીપર નદી આસપાસના 16,000 લોકો પર પૂરનો ખતરો તોડાય રહ્યો છે.

⇒ આ ડેમ યુક્રેનના દક્ષિણ ખેરસોન ક્ષેત્રમાં આવેલો છે જે તબાહ થવાના કારણે યુદ્ધ માટે બનાવવામાં આવેલ આસપાસના માળખાને સંપૂર્ણ નુકશાન થયું છે.

⇒ નીપર નદી પર બનાવવામાં આવેલો કાખોવકા બંધ 30મીટરની લંબાઈ ધરાવે છે અને 3.2kmનો વિસ્તાર ધરાવે છે. આ બંધ સોવિયત શાસન દરમિયાન 1956માં નિર્માણ થયો હતો અને તે ક્રિમીયા અને ઝેપોરિઝિયા ન્યુક્લિયર પ્લાન્ટને પાણી પુરૂ પાડે છે.

⇒ અગાઉ 1941માં હિટલરની જર્મન સેનાને રશિયન ક્ષેત્રમાં પ્રવેશતી અટકાવવા માટે પણ તોડી પાડવામાં આવ્યો હતો.

Current Affairs By C.H.Shingala

### (*) ઈરાનની 'ફતહ' હાઈપરસોનિક મિસાઈલ.

⇒ ઈરાને અવાજની ગતિથી 15 ગણી ઝડપી ગતિ ધરાવતી હાઈપરસોનિક મિસાઈલ બનાવ્યાનો દાવો કર્યો.

⇒ ઈરાને આ મિસાઈલને ફારસી ભાષામાં 'ફતહ' નામ આપ્યું.

⇒ ફતહની મારક ક્ષમતા 1400 kmની છે અને આ મિસાઈલ કોઈ પણ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને છેતરીને પસાર થઈ શકે છે.

### (*) એપલનું 'વિઝન પ્રો' હેડસેટ.

⇒ એપલે 'વિઝન પ્રો' નામે થ્રીડી હેડસેટ લોન્ચ કર્યું જેની મદદથી મોબાઈલ કે કમ્પ્યૂટર કે ટીવી આંખોની નજીક રાખેલ હેડસેટમાં જોઈ શકાશે.

⇒ આ પ્રોડક્ટ વર્ચ્યુઅલ રિઆલિટી (VR) અને ઓગમેન્ટેડ રિઆલિટી (AR) પર આધારિત છે જેની કિંમત 3499 ડોલર (3લાખ) આંકવામાં આવી છે.

## [*] વધુ 2000 પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર ખોલવાની મંજૂરી

=> કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા અને અમિત શાહ વચ્ચે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.

=> અત્યાર સુધીમાં સમગ્ર દેશમાં 9400 જેટલા કેન્દ્રોની સ્થાપના થઈ ચૂકી છે.

=> આ કેન્દ્રોમાં 1800 પ્રકારની દવાઓ, 285 પ્રકારના ચિકિત્સા ઉપકરણો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

=> આ કેન્દ્રોમાં દવાઓ બ્રાન્ડેડ દવાઓની તુલનાએ 50થી90% ઓછી કિંમતે ઉપલબ્ધ થાય છે.

**• જન ઔષધિ કેન્દ્ર ખોલવા માટેની જરૂરિયાત •**

⊙ ડી. ફાર્મ અથવા બી. ફાર્મના ડીગ્રી ધારક વ્યક્તિ હોવા જોઈએ.

⊙ કેન્દ્ર કોઈપણ સંગઠન, NGO, ધાર્મિક સંસ્થા કે હોસ્પિટલો શરૂ કરી શકે છે.

⊙ 120 વર્ગ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતી જગ્યા કેન્દ્ર માટે હોવી જોઈએ અને કેન્દ્ર ખોલવા માટેની રજીસ્ટ્રેશન ફી રૂ.5000 છે. પરંતુ મહિલા ઉદ્યમી, દિવ્યાંગ, અનુસૂચિત જાતિ અને જનજાતિ, પૂર્વ સૈનિકને આ ફીમાં મુક્તિ આપવામાં આવે છે.

⊙ કેન્દ્રની આવકના 15% અથવા વધુમાં વધુ 15000 રૂ ની નકદ માસિક પ્રાપ્ત થાય છે.

## [*] વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ - 7 જૂન

=> અસુરક્ષિત ભોજનથી સ્વાસ્થ્યને થતા નુકસાન બાબતે જાગૃતતા લાવવા માટે આ દિવસ મનાવાય છે.

=> વર્ષ 2018માં UN એ આ દિવસની શરૂઆત કરી હતી. વર્ષ 2023માં આ દિવસ પાંચમી વખત ઉજવાયો.

=> વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 2023ની થીમ

□ ફૂડ સ્ટાન્ડર્ડ્સ સેવ લાઈવ્સ □

ઘરે બેઠાં તૈયારી કરો
કલર્ક, તલાટી, કોન્સ્ટેબલ, PSI, GPSC Class 1,2,3
Crack GPSC
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
76000 51070


સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે 5,00,000+ યુઝર્સ
ધરાવતી ગુજરાતની પ્રથમ એપ
Online Tests
@ 99/- ~~299/-~~
Test
12000+
પ્રશ્નોનો ખજાનો
Also available @49/-
આજે જ જોઈન કરો.
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે ગમે ત્યાંથી
Crack G GPSC

[*] NHAI એ પર્યાવરણ બાબતે પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ જાહેર કર્યો.

⇒ NHAI એ નાણાકીય વર્ષ 2021-22 માટેનો પર્યાવરણ સંલગ્ન પર્યાવરણીય સ્થિરતા માટેનો રિપોર્ટ જાહેર કર્યો. જે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કર્યો.

⇒ રિપોર્ટ અનુસાર વર્ષ 2019-20 અને 2021-22 માં ઈંધણની ઓછી ખપતના કારણે પ્રત્યક્ષ કાર્બન ઉત્સર્જનમાં 18.44% થી 9.49% સુધીનો ઘટાડો થયો.

⇒ આ ઘટાડાનું એક અગત્યનું કારણ ફાસ્ટેગથી ઈલેક્ટ્રોનિક ટોલ સંગ્રહનું યોગદાન પણ માનવામાં આવે છે.

⇒ છેલ્લા ત્રણ વર્ષ NHAI રાષ્ટ્રીય રાજમાર્ગોના નિર્માણમાં ફ્લાય એશ અને પ્લાસ્ટિક કચરાનો રિસાયકલ કરીને ઉપયોગ કરી રહ્યા છે. તથા વન્યજીવોની રક્ષા માટે 20 રાજ્યોમાં 100થી વધુ વન્યજીવ ક્રોસિંગનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

⇒ રિપોર્ટમાં રાષ્ટ્રીય રાજમાર્ગોના કિનારા પર લગાડવામાં આવેલ વૃક્ષોના યોગદાનને પણ સમર્થન આપવામાં આવ્યું છે.

[*] વર્ષ 2026-27 સુધીમાં કુલ ઊર્જા ઉત્પાદનના ત્રીજા ભાગની (1/3) ઊર્જા પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતમાંથી મળવાની સંભાવના.

⇒ વર્ષ 2026-27 સુધીમાં અક્ષય ઊર્જાના સ્ત્રોતનો ઉપયોગ કરી 710 બિલિયન યુનિટ ઊર્જા ઉત્પન્ન થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

⇒ 2026-27 માં 1/3 ઉત્પાદન ક્ષમતા વર્ષ 2031-32 સુધીમાં લગભગ 44% થવાની સંભાવના છે.

⇒ અક્ષય ઊર્જાના સ્ત્રોત માટે સૂર્યઊર્જા પ્રથમ સ્થાને અને ત્યારબાદ બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે જળ વિદ્યુત અને પવનઊર્જા ગણવામાં આવે છે.

⇒ અક્ષય ઊર્જાના 41 બિલિયન યુનિટ ઉત્પાદન સાથે રાજસ્થાન પ્રથમ ક્રમે જ્યારે ગુજરાત અને કર્ણાટક અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.

Current Affairs By C.H.Saringala

## (*) ૪ જૂન - 2023 (*)

**[*] પ્રધાનમંત્રી વન ધન યોજના આદિવાસી આબાદી માટે વરદાન બની રહી છે. ચર્ચા કરો.**

⇒ પ્રધાનમંત્રી વન ધન યોજના વડાપ્રધાને 14 એપ્રિલ 2018ના રોજ છત્તીસગઢના બીજાપુર જિલ્લાથી શરૂ કરી હતી.

⇒ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મહુઆ, ઈમલી, ચિરૌંજી જેવી આદિવાસી જનસમુદાયને વન ઉપજ એકત્ર કર્યા બાદ તેને ઉદ્યોગો સુધી પહોંચવામાં મદદ કરવાનો છે. મુખ્યત્વે આ યોજના વન સંપત્તિના દોહનથી આદિવાસીઓ માટે રોજગારીનો સુજાવ આપે છે.

⇒ યોજના અંતર્ગત છત્તીસગઢમાં લગભગ 140 અને ભારતમાં 3000થી વધુ વન ધન કેન્દ્રો શરૂ કરાયા જેમાં એમએસપી અને એમએફપીના દરો લાગુ કરી આદીવાસી બંધુઓને આર્થિક લાભ આપવામાં આવે છે.

⇒ યોજનામાં TRIFED દ્વારા પ્રત્યેક 300 સભ્ય ધરાવતા કેન્દ્રને 15 લાખ રૂ.નું અનુદાન આપવામાં આપવામાં આવે છે.

**[*] વિશ્વ મહાસાગર દિવસ - ૮ જૂન**

⇒ પૃથ્વી પર જીવનને ટકાવી રાખવામાં મહાસાગરોની ભૂમિકાને ઉજાગર કરવા માટે અને તેના સંરક્ષણ માટે પ્રેરિત કરવા આ દિવસ મનાવાય છે.

⇒ વિશ્વ મહાસાગર દિવસ- 2023ની થીમ- 'પ્લેનેટ ઓશિયન: ટાઈડ્સ આર ચેન્જિંગ'

⇒ 1992માં બ્રાઝીલના રિયો ડી જેનેરિયો ખાતે પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં પ્રથમવાર દિવસને અપનાવાયો.

⇒ 2008માં UN દ્વારા ૮ જૂનને વિશ્વ મહાસાગર દિવસ તરીકે ઘોષિત કર્યો.

⇒ જહાજોના માધ્યમથી ઉત્પન્ન થતા વાયુ પ્રદૂષણ, સમુદ્રી કચરાની સમસ્યા સામે લડવા માટે 1973માં આંતરરાષ્ટ્રીય સમુદ્ર સંગઠન સ્થાપ્યું.

⇒ મહાસાગર પૃથ્વીનો 70% ભાગ રોકે છે તથા લગભગ 50% ઓક્સિજન ઉત્પાદન કરી પૃથ્વીના જૈવ વિવિધતા ઘર તરીકે કામ કરે છે.

⇒ સમુદ્ર એ અનેક લોકો માટે પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત પણ છે.

## (*) વિશ્વ બ્રેઈન ટ્યુમર દિવસ - ૮ જૂન

⇒ બ્રેઈન ટ્યુમર (મગજનું કેન્સર) બાબતે જાગૃતતા લાવવા અને લોકોને તેના માટે શિક્ષિત કરવા આ દિવસ મનાવાય છે.

⇒ ૮ જૂન, ૨૦૦૦ના રોજ જર્મન બ્રેન ટ્યુમર એસોસિએશને જર્મન બ્રેન ટ્યુમર દિવસ મનાવવાની શરૂઆત કરી હતી.

⇒ ૨૦૧૦ માં ઈન્ટરનેશનલ બ્રેન ટ્યુમર એલાયન્સ (IBTA) એ ૮ જૂનને બ્રેઈન ટ્યુમર દિવસ જાહેર કર્યો.

⇒ ભારતમાં દર વર્ષે લગભગ 40,000 નવા બ્રેઈન ટ્યુમરના દર્દીઓ સામે આવે છે.

### • બ્રેન ટ્યુમર •

⇒ જ્યારે કોશિકાઓમાં અસામાન્ય વૃદ્ધિ થાય ત્યારે બ્રેન ટ્યુમર થાય છે જેના પરિણામે મસ્તિષ્કમાં અસામાન્ય કોશિકાઓનો સમૂહ બને છે.

⇒ ટ્યુમરને કેન્સરયુક્ત અને બિન કેન્સરયુક્ત એમ બે પ્રકારે વિભાજિત કરી શકાય છે.

⇒ બ્રેન ટ્યુમરના લક્ષણો - માથાનો દુઃખાવો, માથામાં આંચકા, ઉલ્ટી, માનસિક ચિડિયાપણું.

⇒ બ્રેન ટ્યુમરની સારવાર = કીમોથેરાપી, રેડિયોથેરાપી, સ્ટેરોઈડ ઉપચાર.

Current Affairs by C.H. Bhingala

## (*) બિહાર સરકાર અને ભારતીય ઉડ્ડયન વિભાગ વચ્ચે સમજૂતી

⇒ આ સમજૂતી હેઠળ બિહારના દરભંગા અને પૂર્ણિયા હવાઈ મથકો પર સિવિલ કોન્કલેવ બનાવાશે.

⇒ આ નવનિર્માણ સરકારની UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ કરવામાં આવશે.

### • બિહારના મહત્વના હવાઈ મથકો •

① જયપ્રકાશ નારાયણ હવાઈ મથક - પટના

② ગયા હવાઈ મથક (આંતરરાષ્ટ્રીય હવાઈ મથક)

* ઉત્તરપ્રદેશમાં શરૂ થયેલ અગત્યના બે અભિયાનો.
① દીદી કૅફે ② ટિફિન પે ચર્ચા

## ① દીદી કૅફે :-

⇒ આગ્રાના મથુરા, ફિરોઝાબાદ અને વૃંદાવન સહિત 17 નગર નિગમમાં આ યોજના મહિલા સ્વ-સહાયતા ગ્રુપ (WSHG) હેઠળ શરૂ થઈ. આ યોજના અંતર્ગત કેન્ટિનના માધ્યમથી ઓછી કિંમતે ભોજન, નાસ્તો તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

⇒ આ પ્રયાસ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) ના માધ્યમથી મહિલાઓને આર્થિક સદ્ધર બનાવવા માટેનો છે.

⇒ આ પ્રોજેક્ટને પ્રાથમિક ધોરણે અગાઉ વારાણસીમાં અમલમાં મૂકવામાં આવ્યો હતો.

## ② ટિફિન પે ચર્ચા :-

⇒ UPના CM યોગી આદિત્યનાથે આવનારી સંસદસભાની ચૂંટણી અગાઉ આ પહેલ શરૂ કરી. જે અંતર્ગત પાર્ટી સદસ્યો એકસાથે ચર્ચાઓ કરશે.

⇒ 2014ની લોકસભા ચૂંટણી દરમિયાન પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ 'ચાય પે ચર્ચા' અભિયાનની શરૂઆત કરી હતી.

⇒ ચાય પે ચર્ચા અભિયાનના 9 વર્ષ બાદ 'ટિફિન પે ચર્ચા', અભિયાન શરૂ કરવામાં આવી છે.

Current Affairs By C.J.Shingala GPSC

## * અરબસમુદ્રમાં આવી રહેલ બિપરજોય વાવાઝોડું.

⇒ ગુજરાતના દરિયાકાંઠે 1120km દૂર વાવાઝોડું સર્જાયું છે જે ગુજરાતમાં ટકરાવાની સંભાવના સેવાય રહી છે.

⇒ વાવાઝોડાને બિપરજોય નામ બાંગ્લાદેશે આપ્યું છે.

⇒ સામાન્ય રીતે દરિયાકાંઠે વાવાઝોડું એ સામાન્ય બાબત છે. પરંતુ અરબસાગરમાં વાવાઝોડું આવવું એ ભૌગોલિક વિચાર માંગી લેતી બાબત 'ક્લાયમેટ ડાયનેમિક્સ સાયન્સ જર્નલ'ના મતે છે.

⇒ છેલ્લા 20 વર્ષમાં અરબ સાગરમાં સામાન્ય વાવાઝોડામાં 52% અને સિવિયર સાઈક્લોન (118-165 km ની ઝડપ)માં 150% નો વધારો ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે જોવા મળ્યો છે.

## * ઈઝરાયેલની ડ્રોન ટેક્સી.

⇒ ઈઝરાયેલે શહેરના સૌથી વ્યસ્ત રસ્તાઓ પરના ટ્રાફિકની સમસ્યાના ઉકેલ તરીકે નેશનલ ડ્રોન ઈનિશિયેટિવ હેઠળ ડ્રાઈવર વગર હવામાં ઉડતા ડ્રોનનો પ્રોજેક્ટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો.

⇒ આ ડ્રોન ટેક્સી સપાટ સ્થળ કે જમીન પરથી સીધી ઉડાન ભરી શકે છે અને પોતાની સાથે બે યાત્રી અથવા 220kg સુધીનો સામાન લઈ જવા સક્ષમ છે.

⇒ ઈઝરાયેલે આ માટે નેશનલ એરસ્પેસ બનાવ્યું છે જેના પર એક સાથે ઘણાં ડ્રોન ઉડાવી શકાશે.

⇒ ઈઝરાયેલના પરિવહન મંત્રી મિરિ રેગેવના દાવા અનુસાર વિશ્વમાં આ પ્રકારનો પ્રથમ પ્રયોગ છે.



# ※ 1 જૂન - 2023 ※

## ※ અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ ઈ-પ્રગતિ બેઠક આયોજિત કરી.

⇒ અરુણાચલ પ્રદેશના CM પેમા ખાંડુએ ડે.કમિશનરો સાથેની 26મી ઈ-પ્રગતિ બેઠકની અધ્યક્ષતા કરી. અને ઈટાનગરના વિવિધ પ્રોજેક્ટના પડતર મુદ્દાઓની સમીક્ષા કરી.

⇒ બેઠકમાં મુખ્યત્વે સંરક્ષણ હેતુ માટે માર્ગ નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

⇒ નિર્માણ જમીન સંપાદન સાથે BRO (Boarder Road Organisation) ની કામગીરીને વેગ આપવાની બાબતની ટકોર કરી કમિશનરો પાસેથી બાકી રહેલ જમીન સંપાદનના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં સમયઅવધિ માંગી હતી.

## ※ મર્સર-2023- કોસ્ટ ઓફ લિવિંગ રિપોર્ટ.

⇒ મર્સર દ્વારા વર્ષ 2023 માટે કરવામાં આવેલા આ સર્વે અનુસાર પાંચ ખંડોના 227 શહેરમાંથી ભારતીય શહેર મુંબઈ 147માં ક્રમ સાથે સૌથી મોંઘુ શહેર.

⇒ આ સર્વે અનુસાર મોંઘા ભારતીય શહેરોમાં બીજા અને ત્રીજા સ્થાને નવી દિલ્હી (169) અને ચેન્નઈ (184) છે તથા અન્ય શહેરોમાં બેંગલુરુ (189), હૈદરાબાદ (202), કોલકત્તા (211) અને પુણે (213)નો સમાવેશ થાય છે.

⇒ મર્સર આ સર્વેમાં 200થી વધુ વસ્તુઓની કિંમતની તુલના કરે છે જેમાં રહેઠાણ, ખોરાક, પરિવહન, કપડાં, ઉપયોગિતા, ઘરગથ્થુ સામાન અને મનોરંજનનો સમાવેશ થાય છે.

⇒ આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં હોંગકોંગ, સિંગાપોર અને ઝ્યુરિચ વિદેશીઓ માટે સૌથી મોંઘા શહેરો છે. તથા કોપનહેગન અને ઝ્યુરિચ સહિત સ્વિટ્ઝરલેન્ડના ચાર શહેરો વૈશ્વિક ટોપના 10માં સામેલ છે.

⇒ ભારતના પાડોશી દેશ પાકિસ્તાનના ઈસ્લામાબાદ અને કરાંચી આ યાદીમાં સ્થાન પામ્યા છે.

[*] ઓસ્ટ્રેલિયાએ સ્વસ્તિક અને અન્ય નાઝી પ્રતીકો પર પ્રતિબંધ લગાવવાની યોજના બનાવી.

⇒ ઓસ્ટ્રેલિયાના એટર્ની જનરલ માર્ક ડ્રેફસે ઓસ્ટ્રેલિયાની સરકાર જાહેરી પ્રવૃત્તિના વધતા કારણોસર દેશભરમાં સ્વસ્તિક અને અન્ય નાઝી પ્રતીકો પર પ્રતિબંધ મૂકતો કાયદો બનાવશે એવી જાહેરાત કરી.

⇒ ઓસ્ટ્રેલિયાના અનેક રાજ્યો આ પ્રકારના નાઝી પ્રતિકો પર અગાઉથી જ પ્રતિબંધ મૂકી ચૂક્યા છે ત્યારે આ પ્રકારનો ફેડરલ કાયદો આવી સામગ્રીના વેપાર પર પ્રતિબંધ મૂકશે. અને કાયદા બાદ તેના ભંગ બદલ એક વર્ષની જેલની સજાની જોગવાઈ પણ મૂકવા વિચારણા ચાલી રહી છે.

⇒ આ કાયદા અનુસાર ધાર્મિક, શૈક્ષણિક અથવા કલાત્મક હેતુઓ માટે પ્રતીકોનું પ્રદર્શન પ્રતિબંધમાંથી બાકાત રાખવામાં આવશે. જેથી હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મનું પાલન કરતા લોકો માટે સ્વસ્તિકના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે નહિ.

[*] NCPCR ની 'વ્યસન મુક્ત અમૃતકાલ' ઝુંબેશ.

⇒ નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે આ ઝુંબેશ શરૂ કરી. તંદુરસ્ત અને વ્યસનમુક્ત ભારતને પ્રોત્સાહન આપવાના હેતુથી આ અભિયાન તમાકુ અને માદક દ્રવ્ય મુક્ત રાષ્ટ્ર બનાવવાના ઉદ્દેશ્યો સેવી રહ્યું છે.

⇒ આ ઝુંબેશમાં મુખ્યત્વે બાળકોમાં વધી રહેલા તમાકુ અને માદક દ્રવ્યોના વ્યસનના મુદ્દાઓને ઉકેલવાના પ્રયત્નો છે.

⇒ NCPCR ના અધ્યક્ષ પ્રિયંક કાનૂનગોએ હાલમાં ભારતે OTT પ્લેટફોર્મ પર તમાકુના ઉપયોગના ચિત્રોને ફરજિયાત કર્યાની બાબત બિરદાવી હતી.


⇒ આ ઝુંબેશ COTPA (સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ)ને મજબૂત સમર્થન આપે છે જે બાળકોમાં તમાકુના ઉપયોગને રોકવા માટેનો મહત્વપૂર્ણ એક્ટ છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

UPSC, GPSC, PI, PSI, Dy. SO,
તલાટી, કલર્ક, TAT,TET, HTAT

UP TO
40%
OFF

# આધુનિક ભારતનો ઈતિહાસ




- NCERT અને નેશનલ લેવલનાં હિંદી અને અંગ્રેજી માધ્યમનાં પુસ્તકો, મેગેઝિન્સ, ઓનલાઇન મટીરીયલ અને સારા સંદર્ભ ગ્રંથોનો એક જ પુસ્તકમાં સમાવેશ.
- ઓથેન્ટિક માહિતી સાથે અપડેટ કરીને પુસ્તકને અપ ટુ ડેટ અને ઓથેન્ટિક બનાવવામાં આવ્યું છે.
- ખૂબ જ ઓછા સમયમાં અને ઊંડાણપૂર્વક પરીક્ષાલક્ષી તૈયારી કરવા ખૂબ જ ઉપયોગી.

- ઓર્ડર કરવા Crack GPSC એપ ડાઉનલોડ કરો.
- BOOKS વિભાગમાં જઈ, BOOK સિલેક્ટ કરી BUY NOW પર ક્લિક કરો.
- 4 થી 7 દિવસમાં આપને કુરિયર મળી જશે. કુરિયર સર્વિસ FREE

Crack GPSC

HELP માટે WhatsApp/call કરો. 7990832358 (10 am to 6 pm)

## [*] વર્જિન મગર ગર્ભવતી હોવાની બાબત સામે આવી.

⇒ પુરુષ સાથી વગર ઈંડાં મૂકનાર મગરનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે જે અગાઉ સામાન્ય રીતે ડાયનાસોરમાં વધુ જોવા મળતો હતો.

⇒ આ પ્રકારે નર પ્રાણીના સંપર્કમાં આવ્યા વગર ગર્ભવતી થવાની બાબતને ફેકલ્ટેટિવ પાર્થેનોજેનેસિસ (FP) તરીકે ઓળખવામાં આવે છે. જેમાં માદા ઈંડા મૂકે છે અથવા બાળકને જન્મ આપે છે.

⇒ અત્યાર સુધી પક્ષીઓ, ગરોળી, સાપ જેવા બિન-એવિયન સરિસૃપ તથા શાર્ક જેવી માછલીઓમાં આ પ્રકારનું પ્રજનન જોવા મળ્યું છે.

⇒ મગરની પ્રજાતિમાં આવી દુર્લભ પ્રજનન વ્યૂહરચના શોધવી એ વૈજ્ઞાનિકો માટે રસપ્રદ છે કારણકે આ સજીવોમાં રંગસૂત્રનો અભાવ હોય છે અને તેમના લિંગ નિર્ધારણ તાપમાન દ્વારા થાય છે તથા તેમાં ઈંડાનો વિકાસ થઈ તે બહાર આવે છે.

⇒ બાયોલોજી લેટર્સ જર્નલમાં પ્રકાશિત આ અભ્યાસમાં અમેરિકન મગર, ક્રોકોડાયલસ એક્યુટસમાં FP ના પ્રથમ કેસની નોંધણી કરવામાં આવી છે.

GPSC Current Affairs By C.H.Shingala

## [*] નંદબાબા દુગ્ધ મિશન યોજના-ઉત્તર પ્રદેશ.

⇒ ઉત્તરપ્રદેશને દૂધ વિકાસ અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રાજ્ય બનાવવા માટે રાજ્ય સરકારે રૂ.1000 કરોડના ખર્ચે નંદ બાબા દૂધ મિશન યોજના શરૂ કરી.

⇒ યોજના હેઠળ દૂધ ઉત્પાદકોને તેમના દૂધના વાજબી ભાવ માટે ગામડાઓમાં ડેરી સહકારી મંડળીઓની સુવિધા આપવામાં આવશે.

⇒ યોજના હેઠળ ઉત્પાદકોના ગામમાં જ દૂધના વેચાણની સુવિધા માટે ડેરી ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO) લાવશે.

⇒ નાણાકીય વર્ષ 2023-24 માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજના રાજ્યના અનેક જિલ્લાઓમાં શરૂ કરી જે-તે ગામની મહિલાઓ આ યોજના હેઠળ પ્રોત્સાહિત કરાશે.

⇒ નંદબાબા મિલ્ક મિશનની ઓફિસ કિસાન ગોમતીનગર ખાતે શરૂ કરવા સાથે ડેરી ડેવલપમેન્ટ પોર્ટલ અને નંદબાબા મિશનના લોગોનું અનાવરણ પણ કરવામાં આવ્યું.

# [*] 10 જૂન- 2023 [*]

## [*] એઈમ્સ નાગપુરને એનએબીએચ માન્યતા મળી.

⇒ નાગપુર એઈમ્સ હૉસ્પિટલ અને સ્વાસ્થ્ય સેવાઓ આપવાની બાબતમાં એનએબીએચ પ્રમાણિત થનાર ભારતની પ્રથમ એઈમ્સ બની.

⇒ એનએબીએચ રોગીઓની દેખરેખ, સુરક્ષા અને સંગઠન જેવી બાબતોમાં હૉસ્પિટલના પ્રદર્શનના આધારે આ માન્યતા આપે છે. જેના માટે વિવિધ 600થી વધુ માપદંડો ધ્યાને લેવામાં આવે છે.

⇒ એનએબીએચની પ્રથમ આવૃતિ 2006માં જાહેર કરવામાં આવી હતી. વર્તમાનમાં તેની 5મી આવૃતિ જે 2020માં તૈયાર કરવામાં આવી હતી તે ધ્યાને લેવામાં આવે છે.

## [*] MAHIR મિશન (મિશન ઓન એડવાન્સ્ડ એન્ડ હાઈ ઈમ્પેક્ટ રિસર્ચ).

⇒ સરકારે વીજ ક્ષેત્રે નવી તકનીકીઓને પ્રાધાન્ય આપવા માટે આ મિશનની શરૂઆત કરી.

Current Affairs By C.H.Shingala GPSC

⇒ મિશન થકી વીજ ક્ષેત્રે સ્વદેશી ઉપકરણોના સંશોધન થકી ભારતમાં આંતરિક તથા બાહ્ય એમ બંને રીતે વિકાસ સાધવા પ્રયત્નો કરાશે.

⇒ આ મિશનનો સમયગાળો વર્ષ 2023-24 થી 2027-28 સુધીનો રહેશે

⇒ આ મિશન નેટ ઝીરો ઉત્સર્જન, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા જેવા લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા પ્રયત્નો કરશે.

## [*] દૂરદર્શન એન્કર ગીતાંજલિ અય્યરનું નિધન

⇒ ગીતાંજલિ અય્યર દૂરદર્શન પરના અને ઓલ ઈન્ડિયા રેડિયો પરના પ્રથમ અંગ્રેજી સમાચાર વક્તા હતા.

⇒ 1971માં દૂરદર્શન સાથે જોડાયા બાદ તેમને 4 પુરસ્કારો મળ્યા. અને 1989માં ઈન્દિરા ગાંધી પ્રિયદર્શિની પુરસ્કાર પણ મળ્યો.

⇒ તેઓ પાર્કિન્સન્સ નામ રોગથી પીડિત હતા જેમાં ન્યુરો-સિસ્ટમને અસર થાય છે અને શરીરનું હલનચલન બંધ થાય છે

## ✱ DRDO ની અગ્નિ પ્રાઈમ મિસાઈલ.

⇒ DRDO એ ઓડિશા નજીક ડૉ. એ પી જે અબ્દુલ કલામ દ્વીપ પરથી નવી પેઢીની અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.

⇒ આ મિસાઈલથી રડાર, ટેલીમેટ્રી, ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ જેવા રેન્જ ઈન્સ્ટ્રુમેન્ટને વિવિધ સ્થળોએ સફળતાપૂર્વક તૈનાત કરાયા.

⇒ અગ્નિ પ્રાઈમનું પ્રથમ પરીક્ષણ જૂન-2021 માં, બીજું ડિસેમ્બર-2021માં અને ત્યારબાદ ઓક્ટોબર-2022માં કરવામાં આવ્યું હતું.

**• અગ્નિ પ્રાઈમ મિસાઈલ •**

⇒ Range – 1000 થી 2000 km

⇒ પરમાણુ સક્ષમ મિસાઈલ છે.

⇒ રેલ અથવા રસ્તાના માર્ગે પણ તેને લૉન્ચ કરી શકાય છે.

Current Affairs By C.H.Shingala GPSC

## ✱ રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક 2022-23 UT માં જમ્મુ કાશ્મીરને પ્રથમ સ્થાન.

⇒ ખાદ્ય અને ઔષધિ વિભાગ જમ્મુ-કાશ્મીરને 2021, 2022, અને 2023 માં એમ સતત 3 વાર કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં પ્રથમ સ્થાન મળ્યું.

⇒ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જમ્મુ કાશ્મીરના મંત્રી શકીલ-ઉલ-રહેમાનને આ પુરસ્કાર આપ્યો.

⇒ આ સાથે ડૉ. માંડવિયાએ પાંચમો રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક જાહેર કર્યો જે અંતર્ગત રાજ્યોના સ્થાન...

- ⊙ મોટા રાજ્યોમાં પ્રથમ કેરળ, ત્યારબાદ પંજાબ અને તમિલનાડુ
- ⊙ નાના રાજ્યોમાં પ્રથમ ગોવા, ત્યારબાદ મણિપુર અને સિક્કિમ
- ⊙ કે. શા. પ્રદેશોમાં પ્રથમ જમ્મુ કાશ્મીર, ત્યારબાદ દિલ્હી અને ચંદીગઢ

⇒ ખોરાકની તાત્કાલિક ગુણવત્તા ચકાસવા માટે રેપિડ ફૂડ ટેસ્ટિંગ કિટ નું 2019માં અનાવરણ કરવામાં આવ્યું છે.



# કરન્ટ અફેર્સ

Crack GPSC

## Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

**એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...**

- Monthly મેગેઝિન
- કરન્ટ શતક
- પ્રેક્ટિસ
- MCQ PDF
- One-Liner PDF
- Important Articles

## Current Affairs મોક ટેસ્ટ વિભાગ

જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે. તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

## ✱ યુરોઝોનમાં મંદીની અસર.

⇒ યુરોઝોન ની 2023 ના પ્રથમ ત્રણ માસના સંશોધનના આધારે GDPમાં 0.1% નો ઘટાડો નોંધાતા મંદીની અસર જોવા મળી.

⇒ લોકોના રહેવાના ખર્ચમાં થયેલ વધારો આ અસરને પરિણમે છે. રશિયાના આક્રમણને કારણે લોકોના વસવાટની કિંમતમાં થયેલો વધારો આ મંદીને દર્શાવે છે.

⇒ યોરોઝોન સંઘના સૌથી મોટા દેશ જર્મનીએ પણ મંદી નોંધાવી છે જ્યારે ફ્રાંસે તેનો આર્થિક વિકાસદર શૂન્ય નોંધાવ્યો છે.

⊙ યુરોઝોન ⊙

⇒ યુરોઝોન એ યુરોપીય સંઘ (EU) ના 20 દેશોનો નાણાંકીયસંઘ છે.

⇒ આ દેશોએ યુરો (€) ને તેમના ચલણ તરીકે અપનાવ્યું છે.

⇒ ક્રોએશિયા 1 જાન્યુઆરી 2023 થી યુરો ક્ષેત્રનું 20મું સભ્ય બન્યું છે.

## ✱ કોલસા અને લિગ્નાઈટ સંશોધન યોજના.

⇒ આર્થિક બાબતોના મંત્રીમંડળ સમિતિએ વર્ષ 2026 સુધી કોલસા અને લિગ્નાઈટ સંશોધન યોજનાને મંજૂરી આપી.

⇒ 2980 કરોડના રોકાણ સાથેની આ યોજના 2021-22 થી વધારી 2025-26 સુધી કરવામાં આવી.

⇒ યોજના હેઠળ કોલસા અને લિગ્નાઈટનું સંશોધન બે રીતે કરાશે.

① ક્ષેત્રીય સંશોધન ② કોલ ઈન્ડિયા દ્વારા બ્લોકમાં વિભાજન દ્વારા સંશોધન.

⇒ યોજના હેઠળ 1300 વર્ગ કિમી ક્ષેત્રમાં ક્ષેત્રીય સંશોધન અને 650 વર્ગ કિમી ક્ષેત્રમાં વિસ્તૃત બ્લોક વિભાજનથી સંશોધન કરવામાં આવશે.

⇒ આ સમગ્ર યોજનાનો મૂળ ઉદ્દેશ્ય કોલસા અને લિગ્નાઈટના સ્થાનિક ઉત્પાદનથી તેની આયાતમાં ઘટાડો કરવાનો છે.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય કલર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

✱ મિસ વર્લ્ડ 2023ની 71મી આવૃત્તિની ભારત મેજબાની કરશે.

⇒ મિસ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશનની ચેરપર્સન અને CEO જૂલિયા મોર્લેએ દિલ્હીખાતેથી આ જાહેરાત કરી.

⇒ ભારત 27 વર્ષ બાદ આ મેજબાની કરશે જે અંતમાં 1996માં થઈ હતી.

⇒ અગાઉ વર્ષ 2023 માટે સંયુક્ત આરબ અમીરાતને અધ્યક્ષ નક્કી કરાયું હતુ પરંતુ આ નિર્ણયને સંશોધિત કર્યા બાદ ભારતને અધ્યક્ષ સ્થાન અપાયું.

⇒ મિસ વર્લ્ડમાં 130થી વધુ હસ્તી ભાગ લેશે. અને મિસ ઈન્ડિયા વર્લ્ડ 2022 સિનિ શેટ્ટી 71મી આવૃત્તિમાં ભારત નું પ્રતિનિધિત્વ કરશે

⇒ 1966માં રીતા ફારિયા મિસ વર્લ્ડ જીતનાર પ્રથમ ભારતીય હતા.

⊙ભારતના અન્ય મિસ વર્લ્ડ⊙

① ઐશ્વર્યા રાય - 1994
② ડાયના હેડન - 1997
③ યુક્તા મુખી - 1999
④ પ્રિયંકા ચોપડા - 2000
⑤ માનુષી છિલ્લર - 2017

Crack GPSC Current Affairs By C.H.Shingala

---

## ||| કરન્ટ ઈન શોર્ટ ||||

✱ હરિયાણામાં ડોર-ટૂ-ડોર કચરાના સંગ્રહ માટે સ્વચ્છ શહેર - સુરક્ષિત શહેર અભિયાન શરૂ કર્યુ.

✱ ઉત્તર પ્રદેશ સરકાર M-સેન્ડના વિકાસ માટે નીતિઓ લાવશે.

✱ વિમસ્ટેક એક્સ્પો અને કોન્ક્લેવની મેજબાની કોલકાતા કરશે.

✱ RBIએ રેપોરેટ 6.5% પર અપરિવર્તિત રાખ્યો.

✱ રાજીવ સિન્હા બંગાળના ચૂંટણી કમિશનર જાહેર થયા.

✱ ઉપેન્દ્ર સિંહ રાવત યુગાન્ડામાં ભારતના રાજદૂત નિયુક્ત થયા.

# ✻ 11 જૂન - 2023 ✻

## ✻ 'સાગર સમૃદ્ધિ' ઓનલાઈન ડ્રેજિંગ સુવિધા.

⇒ કેન્દ્રની વેલ્થ ટૂ હેલ્થ પહેલને વેગ આપવા માટે આ ઓનલાઈન ડ્રેજિંગ સુવિધા શરૂ કરવામાં આવી.

⇒ આ પ્રણાલીનો વિકાસ બંદર, પરિવહન અને જળમાર્ગ તકનીકી શાખા તથા NTCPWC દ્વારા કરાયો.

⇒ DLM (ડ્રાફ્ટ એન્ડ લોડિંગ) સિસ્ટમની જૂની પદ્ધતિમાં સુધારા લાવવા આ યોજના શરૂ કરવામાં આવી.

⇒ હાલમાં કોચીન અને મુંબઈ બંદર ખાતે આ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે અને ન્યૂ મેંગલોર તથા દીનદયાળ પોર્ટ તેને ટ્રાયલ તરીકે ચલાવી રહ્યા છે.

⇒ મુખ્ય બંદરોની ડ્રેજિંગની વાર્ષિક ક્ષમતા 100 મિલિયન ક્યુબિક મીટર છે.

### ⊙ સાગર સમૃદ્ધિ યોજનાની ક્ષમતા ⊙

- વાસ્તવિક સમયે ડ્રેજિંગની પ્રગતિનો રિપોર્ટ
- દૈનિક અને માસિક રિપોર્ટ વિઝ્યુલાઈઝેશન
- લોડિંગ, અનલોડિંગ અને નિષ્ક્રિય સમયનો લોકેશન સાથે ડેટા.

Current Affairs By C.H.Shrigoda Crack GPSC

## ✻ ભારતીય ચોમાસુ ચાર વર્ષમાં સૌથી મોડું કેરળ પહોંચ્યુ.

⇒ ચોમાસુ એ ભારતની ખેતી અને જળાશયો તથા પાણીના વિવિધ સ્ત્રોત માટે 70% વરસાદનું કારણ બને છે અને ભારતની લગભગ અડધી કૃષિ જમીન જૂન-સપ્ટેમ્બર માસના વરસાદ પર નિર્ભર છે.

⇒ વરસાદમાં થતો વિલંબ ચોખા, કપાસ, મકાઈ, સોયાબીન અને શેરડીના ઉત્પાદનમાં વિલંબ કરે છે.

⇒ ભારત આબોહવા વિજ્ઞાનના વિભાગના ડેટા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સામાન્ય રીતે 1 જૂનના બદલે 8 જૂને વર્ષ 2023માં કેરળ પહોંચ્યું.

⇒ વરસાદમાં થઈ રહેલા આ વિલંબ પાછળ તાજેતરમાં ઉદ્ભવેલ બિપોરજોય વાવાઝોડાને માનવામાં આવે છે.

⇒ IMD ના આંકડાઓ અનુસાર જૂનના પ્રથમ સપ્તાહમાં ભારતમાં 57% ઓછો વરસાદ નોંધાયો જે વરસાદમાં થયેલ વિલંબ દર્શાવે છે.

⇒ ભારતમાં થયેલ અલ-નીનોની અસર સામાન્ય રીતે પાછળના ચાર વર્ષમાં સૌથી વધુ વરસાદના વિલંબને પરિણમે છે.

[*] આઈ એમ અડયાર, અડયાર દેખ મી - અભિયાન.

⇒ ફેડરલ બેંકે ચેન્નાઈ ખાતે સ્થાનિક વાર્તાઓને સંગ્રહાલયમાં બદલીને લોકો અને તેની સંસ્કૃતિ સુધી પહોંચવા આ અભિયાન શરૂ કર્યું.

⇒ આ અભિયાન અંતર્ગત વિવિધ 40 વાર્તાઓ પસંદ કરવામાં આવી. અને તેને ફેડરલ બેંકની અડયાર શાખામાં પ્રદર્શિત કરવામાં આવી.

⊙ ફેડરલ બેંક ⊙

⇒ તેનું મુખ્યાલય અલુવા, કેરળમાં છે.

⇒ CEO = શ્યામ શ્રીનિવાસન

⇒ સૂત્ર = આપકા પરફેક્ટ બેંકિંગ પાર્ટનર

Current Affairs By C.J. Shingala GPSC

[*] ગ્લોબલ અલાયન્સ ફોર માસ એન્ટરપ્રિન્યોરશિપ (GAME) અને સિડબીએ NGAP (NBFC ગ્રોથ એક્સેલરેશન પ્રોગ્રામ) લોન્ચ કર્યો.

⇒ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય એવા નાના NBFC ની સંભાળનો છે જે 60% થી ઓછું MSME જોખમ ધરાવે છે.

⇒ NGAP ઓછામાં ઓછા 100 નાના એવા NBFC ની ક્ષમતા નિર્માણ કરે છે જે 75 કરોડ થી 250 કરોડ ના રોકાણ સાથે વ્યવસાય ધરાવે છે.

⇒ NGAP ની શરૂઆત ઓગસ્ટ, 2023 માં થશે.

⊙ ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (સિડબી) ⊙

⇒ તે MSME ક્ષેત્રની મુખ્ય નાણાકીય સંસ્થા છે. અને RBI ના દાયરામાં આવે છે.

⇒ સ્થાપના = 1990 ; વડું મથક - લખનઉ, યુપી.

⇒ અધ્યક્ષ = શિવસુબ્રમણ્યમ રમન

## AI સુરક્ષા પરનું પ્રથમ વૈશ્વિક શિખર સંમેલન- બ્રિટન ખાતે

⇒ AI સુરક્ષા પરનું પ્રથમ વૈશ્વિક સંમેલન વર્ષના અંત ભાગમાં બ્રિટન ખાતે આયોજિત થશે.

⇒ સંમેલનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જોખમોને કઈ રીતે ઘટાડવા તે બાબતે ચર્ચા કરાશે.

⇒ સંમેલન દરમિયાન અમેરિકી કંપની પલાન્ટિર ટેક્નોલોજીસ AI ને યુરોપીય મુખ્યાલય બનાવી શકવાની સંભાવના છે.

### જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ :-

⇒ જનરેટિવ AI Text અને ચિત્ર બનાવી શકે છે.

⇒ જનરેટિવ AI સિસ્ટમ ઓપન AI chat GPT અને ગૂગલનું બાર્ડ છે.

## પાંચ નવા દેશોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) નું અસ્થાયી સભ્યપદ અપાયું.

⇒ આ પાંચ દેશોમાં અલ્જીરિયા, ગુયાના, સિએરા લિયોન, સ્લોવેનિયા અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે જેમનો કાર્યકાળ 1 જાન્યુ., 2024 થી શરૂ થશે.

⇒ UNSC નું મુખ્ય કાર્ય આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીનું છે.

⇒ 10 અસ્થાયી સભ્યો માટે થયેલ ચૂંટણીમાં અલ્જીરિયા, ગુયાના, સિએરા લિયોન અને કોરિયા ગણરાજ્ય નિર્વિવાદપૂર્ણ પસંદ થયા.

⇒ સ્લોવેનિયાએ પૂર્વ યુરોપ સીટ માટે બેલારૂસને હાર આપી.

⇒ ગુપ્ત મતદાનમાં જીત માટે 2/3 બહુમતી ઉપયોગમાં લેવામાં આવે છે.

⇒ બ્રિટન, ચીન, ફ્રાંસ, રશિયા અને સંયુક્ત રાજ્ય અમેરિકા UNSC ના પાંચ સ્થાયી સભ્યો છે જે કોઈ પણ નિર્ણયની તથા વીટો પાવર ઉપયોગ કરવાની શક્તિ ધરાવે છે.

Current Affairs By GH Shingala GPSC

ઘરે બેઠાં તૈયારી કરો
કલર્ક, તલાટી, કોન્સ્ટેબલ, PSI, GPSC Class 1,2,3

Crack GPSC

ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
76000 51070

## (*) IITR એ હિમોગ્લોબીન સ્વપરિક્ષણ કીટ લોન્ચ કરી.

=> ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટોક્સિકોલોજી રિસર્ચ (IITR) એ 'સેન્સએનાલિટ' નામક એક સ્વદેશી ઈનોવેટિવ રેપિડ હિમોગ્લોબિન ડિટેક્શન ટેસ્ટ કિટ વિકસિત કરી જે માત્ર 30 સેકન્ડના સમયમાં અને 103.ના નજીવા ખર્ચમાં પરિણામ આપશે.

=> હાલ માર્કેટમાં ઉપલબ્ધ પરીક્ષણ કીટ ઘણીવાર સચોટ પરીણામ નથી આપતી તથા તે મેડ ઈન ઈન્ડિયા પણ નથી હોતી.

=> આ કીટ પેપર આધારિત, કોલોરીમેટ્રિક સ્ટ્રીપ ટાઈપ સેન્સર લીધુ અને વિશ્વસનીય પરીણામ આપે છે.

=> કીટ સાથે આપવામાં આવતી પટ્ટી પર રૂધિર મૂકતા તેના રંગમાં ફેરફાર થાય છે અને કીટ સાથે આપવામાં આવેલ માહિતીમાં દર્શાવેલ રંગના આધારે પરિણામ જાણી શકાય છે.

## (*) ભારત આંતરરાષ્ટ્રીય શૂટિંગમાં જૂનિયર વિશ્વ કપમાં ટોચ પર

=> ભારતે 6 ગોલ્ડ, 6 સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સાથે કુલ 15 મેડલ સાથે આ સિદ્ધિ મેળવી.

=> આ ઉપલબ્ધિ સાથે ભારત 2019 થી આયોજિત તમામ વિશ્વ કપની સાપેક્ષે 2023માં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ.

=> સૈન્યમ, ધનુષ શ્રીકાંત, અમનપ્રીત સિંહ, અભિનવ શૉ અને ગૌતમી ભનોટે - ગોલ્ડ મેળવ્યા.

=> ISSF જૂનિયર વિશ્વ કપમાં 2023માં કુલ 39 ભારતીય નિશાનબાજોએ ભાગ લીધો હતો. જે જર્મનીના સુહલ ખાતે આયોજિત થયો હતો.

(•) ટોચના 5 દેશો અને જીતેલા મેડલ:-

1. ભારત - 15 મેડલ
2. કોરિયા - 12 મેડલ
3. અમેરિકા - 9 મેડલ
4. ઈટલી - 7 મેડલ
5. ફ્રાંસ - 7 મેડલ.

Current Affairs By H.Shingala

## [*] 12 જૂન -2023 [*]

### [*] ભારતે દક્ષિણ કોરિયાને હરાવીને મહિલા જુનિયર હોકી જીતી.

=> ભારતીય મહિલા હોકી ટીમે જાપાનમાં કાકામીગાહારા ખાતે આયોજિત મહિલા જુનિયર એશિયા હોકી કપની ફાઈનલમાં દક્ષિણ કોરિયાને હાર આપી.

=> ભારતે અગાઉ ચાર વખતની વિજેતા દક્ષિણકોરિયા ટીમને હાર આપી પ્રથમવાર આ ખિતાબ મેળવ્યો.

=> ભારત તરફથી અન્નૂ અને નીલમે એક એક ગોલ જ્યારે દ. કોરિયાની પાર્ક સેયોને એક ગોલ કર્યો.

=> જીત બદલ હોકી ઈન્ડિયાએ તમામ ખેલાડીઓને રૂ. 2 લાખ અને સહયોગીઓને રૂ. 1 લાખના પુરસ્કારની જાહેરાત કરી.

=> ભારતની આ જીતથી ચિલી ખાતે 2023માં આયોજિત થનાર FIH મહિલા જુનિયર વિશ્વકપમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

Crack GPSC Current Affairs By C.H.Shingala

### [*] ઑસ્ટ્રેલિયાએ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ 2023 ની ફાઈનલમાં જીત મેળવી.

=> ઑસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડના ધ ઓવલ ખાતે રમાનાર વિશ્વ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં ભારતને 209 રને હાર આપી.

=> ટ્રેવિસ હેડને ફાઈનલ મેચ માટે મેન ઓફ ધ મેચ જાહેર કરાયા.

=> આ સાથે ઑસ્ટ્રેલિયાએ ICC ની તમામ મુખ્ય ટ્રોફીઓ જીતીને ઈતિહાસ રચ્યો. ઑસ્ટ્રેલિયાએ 5 ICC વનડે વિશ્વ કપમાં જીત મેળવી છે.

#### ⊙ ICC વિશ્વ ટેસ્ટ ચૅમ્પિયનશિપ ⊙

=> આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટ છે જેની શરૂઆત 1 ઓગસ્ટ 2019ના થઈ હતી.

=> પ્રથમ ટૂર્નામેન્ટ 2019માં ન્યૂઝીલેન્ડે ભારતને હાર આપીને જીતી હતી.

## ⊛ SACRED (સૅક્રેડ) યોજના

⇒ વરિષ્ઠ નાગરિકો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે SACRED પોર્ટલ લૉન્ચ કર્યું.

⇒ આ પોર્ટલમાં નવા ઉદ્યમીઓને વરિષ્ઠ નાગરિકોની સુવિધાઓ બાબતે નવીનતમ વિચારો આપવા આહ્વાન કરવામાં આવ્યું. જે અંતર્ગત 49% ઈક્વિટી ભાગીદારી સાથે 1 કરોડ સુધીની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

⇒ ભારતમાં 60 વર્ષથી વધુની ઉંમર ધરાવતા 110 મિલિયન નાગરિકો છે તેમને આ પોર્ટલના માધ્યમથી સંસ્થાઓના વિવિધ પદો પર નિમણૂક આપવા મંચ પ્રદાન કરાશે.

⊙ **SACRED** ⊙

Senior Able Citizens For Re-Employment In Dignity.

## ⊛ BSF અને BGB વચ્ચે 53 મું સીમા સમન્વય સંમેલન

⇒ 53 મી BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ) અને BGB (બાંગ્લાદેશ બૉર્ડર ગાર્ડ) વચ્ચેનું સીમા સંમેલન દિલ્હી ખાતે આયોજિત થયું.

⇒ BSF નું નેતૃત્વ ડૉ. સુજોય લાલ થાઉસેને અને BGB નું નેતૃત્વ મેજર જનરલ એ કે એમ નજમુલ હસને કર્યું.

⇒ સંમેલનનું આયોજન સીમા સંબંધી બાબતોએ બંને દેશો વચ્ચે સમન્વય સાધવા પ્રયાસો કરવા માટે કરાયું હતું.

⇒ વર્ષ 2022 નું આ સંમેલન ઢાંકા ખાતે આયોજિત થયું હતું.

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

## [*] વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ – 12 જૂન

⇒ બાળ મજૂરી સામે વિશ્વવ્યાપી આંદોલનને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે આ દિવસ મનાવાય છે.

⇒ વર્ષ 2023ની થીમ - સૌના માટે સામાજિક ન્યાય, બાળ શ્રમ સમાપ્ત કરો.

⇒ બાળ મજૂરી બાબતે જાગૃતતા લાવવા આ દિવસ સૌ પ્રથમ વાર 2002માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા ઉજવાયો હતો. જે વર્ષ 2023માં 21મી વખત ઉજવાયો.

⇒ સંયુક્ત રાષ્ટ્રની માહિતી અનુસાર 160 મિલિયન બાળકો બાળ મજૂરીમાં સામેલ છે જેમાં આફ્રિકામાં સૌથી વધુ બાળકો બાળ મજૂરી સાથે જોડાયેલા છે.

⇒ આફ્રિકા, એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં દર દસ બાળકોએ 1 બાળકો બાળ મજૂરીમાં સપડાયેલા છે.

Current Affairs By C.H Shingala GPSC

## [*] CAG ભારતના ગોવામાં આયોજિત SAI 20 સંમેલનમાં અધ્યક્ષતા કરશે.

⇒ G20ની ભારતની અધ્યક્ષતા અંતર્ગત ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) ગિરીશચંદ્ર મુર્મુ સુપ્રીમ ઑડિટ ઈન્સ્ટિટ્યૂશન્સ-20 (SAI-20) ની બેઠકની અધ્યક્ષતા કરશે.

⇒ આ સંમેલનમાં ઑસ્ટ્રેલિયા, બ્રાઝીલ, ઈન્ડોનેશિયા સહિતના તમામ G20 સભ્યો ભાગ લેશે.

⇒ બેઠકમાં બે મહત્વના મુદ્દાઓ ચર્ચાશે. -(1) બ્લૂ ઈકોનોમી (2) AI.

⇒ બ્લૂ ઈકોનોમી પારિસ્થિતિક તંત્રના સંરક્ષણ માટે અને સમુદ્રી સંસાધનો માટે મહત્વની છે.

⇒ CAGની નિમણૂંક અનુચ્છેદ - 148 અનુસાર. ⇐

✱ સરકારે શહેરી સહકારી બેંકોને મજબૂત બનાવવા માટે ચાર પગલાંની ઘોષણા કરી.

⇒ 1514 શહેરી સહકારી બેંકોને મજબૂત કરવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી જેનો ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી મોદીના 'સહકાર થી સમૃદ્ધિ'ના દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવાનો છે.

➡ સહકારી બેંકો RBIની મંજૂરી વિના પ્રત્યેક નાણાકીય વર્ષમાં 10% નવી શાખાઓ ખોલી શકશે. જે માટે UCB એ તેના બોર્ડની મંજૂરી અનિવાર્ય રહેશે.

➡ સહકારી બેંકો વાણિજ્યિક બેંકોની જેમ ઉધાર લેનાર સાથે ટેકનિકલ રાઈટ-ઓફની પ્રક્રિયા કરી શકશે.

➡ RBI એ હિસાબ લક્ષ્યોને પૂર્ણ કરવા સહકારી બેંકોની સમયમર્યાદા 31 માર્ચ, 2026 સુધી લંબાવી.

➡ RBI વધુ સંકલન માટે નોડલ ઓફિસરની નિમણૂક કરશે.

✱ કેન્સરની દવા માટે ભારતનો પ્રથમ કેનાબિસ રિસર્ચ પ્રોજેક્ટ

⇒ CSIR-IIM એ કેનાબિસ રિસર્ચ પ્રોજેક્ટ અનુસાર પ્રથમવાર કેન્સરની દવા માટે રિસર્ચ શરૂ કર્યું.

⇒ CSIR-IIM જમ્મુના આ પ્રોજેક્ટ અંતર્ગત ન્યુરોપેથી, કેન્સર અને એપિલેપ્સી માટે નિકાસ ગુણવત્તાયુક્ત દવાનું ઉત્પાદન કરવાની સંભાવનાઓ ધરાવે છે.

⇒ CSIR-IIM એ ભારતની સૌથી જૂની વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા છે, જે 1960ના દાયકામાં ટંકશાળની શોધ અને મેંથલી ક્રાંતિના કેન્દ્રનો ઈતિહાસ ધરાવે છે.

Current Affairs By C.H Shingala
એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય કલર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

# * 13 જૂન - 2023 *

## * ઈઝરાયેલ દુનિયાનો પ્રથમ સરકારી ડિજિટલ બોન્ડ જાહેર કરશે

=> તેલ અવીવ સ્ટોક એક્સચેન્જ અને ઈઝરાયેલના નાણા મંત્રાલયે બ્લોકચેન પ્લેટફોર્મ પર ટ્રેડ્સ ડિજિટલ ઈઝરાયેલી બોન્ડ સફળતાપૂર્વક હાંસલ કર્યાં.

=> નાણા મંત્રાલયે ERC-1155 સિક્યુરિટી ટોકન તરીકે બ્લોકચેન આધારિત પ્લેટફોર્મ પર કેમી બોન્ડ જાહેર કર્યાં હતા.

=> આ બ્લોકચેન EVM-સંગત છે જે ભવિષ્યમાં અન્ય બ્લોકચેન સુવિધાઓના એકીકરણમાં સક્ષમ બનશે.

### ⊙ ઈઝરાયેલ ⊙

=> સરહદ = ઉત્તરમાં લેબેનોન, ઉત્તર-પૂર્વમાં સીરિયા અને પૂર્વમાં જોર્ડન

=> આઝાદી = 14 મે 1948

=> રાજધાની = જેરૂસલેમ

=> પ્રધાનમંત્રી = બેન્જામિન નેતન્યાહૂ

=> ભાષા = હિબ્રૂ

=> વસ્તી = 93.6 લાખ

Current Affairs By C.H.Shingala GPSC

## * ઘડિયાળ મગરના રક્ષણ માટેના કરારો.

=> બિહાર સરકાર, લોસ એન્જલસ પ્રાણી સંગ્રહાલય અને ભારતીય વન્યજીવ ટ્રસ્ટ (ડબ્લ્યૂટીઆઈ) સાથે મળી ઘડિયાળના સંરક્ષણ માટેના પ્રયાસો કરશે.

=> બિહારમાં ગંડક નદીમાં ઘડિયાળના પ્રજનનને પૂર્વરૂપમાં લાવવા 2014માં ઘડિયાળ પરિયોજના અમલમાં મૂકવામાં આવી. જે WTI ના સહયોગથી અમલી બની.

=> લોસ એન્જલસના 'એક્સ-સીટૂ' ઈન્ક્યુબેશનના માધ્યમથી લુપ્તપ્રાય પ્રજાતિઓને તેના પ્રાકૃતિક આવાસ બહાર સંરક્ષિત કરવામાં આવે છે.

=> ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર રેડ લિસ્ટ ઓફ સ્પીશીઝ અનુસાર ઘડિયાળ ગંભીર રીતે સંકટગ્રસ્ત પ્રજાતિમાં સ્થાન પામેલ છે.

⇒ ચંપારણ સત્યાગ્રહ ક્ષેત્ર બાદ ગંડક નદી ભારતમાં ઘડિયાળ મગર માટે મહત્વનું પ્રજનન સ્થળ બન્યું છે.

⊙ ગંડક નદી ⊙

⇒ ગંડક એ ગંગા નદીની સહાયક નદી છે જે ભારતમાં ઉત્તરપ્રદેશના મહારાજગંજ જિલ્લામાંથી પ્રવેશ કરે છે.

⇒ આ નદી બિહારના પશ્ચિમ ચંપારણ, ગોપાલગંજ, સારણ અને મુઝફ્ફરપુર જિલ્લામાં થઈને વહે છે.

☒ આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતતા દિવસ - 13 જૂન.

⇒ આલ્બિનિઝમ બાબતે જાગૃતતા લાવવા અને તેનાથી પીડિત લોકોના માનવાધિકારની રક્ષા કરવા માટે આ દિવસ 2006 માં તાંઝાનિયા આલ્બિનિઝમ સોસાયટી અને અન્ય સામાજિક સંસ્થાઓએ પ્રથમવાર મનાવ્યો હતો.

⇒ 2009માં આ દિવસને 'રાષ્ટ્રીય આલ્બિનો દિવસ' તરીકે મનાવાયો હતો.

⇒ વર્ષ 2023ની થીમ - 'ઈન્ક્લૂઝન ઈઝ સ્ટ્રેન્થ'

⇒ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે 2013 માં 'આલ્બિનિઝમ વાળા વ્યક્તિઓ વિરુદ્ધ હુમલા અને ભેદભાવ' માટે પ્રસ્તાવ પસાર કર્યો અને 2015 થી 13 જૂને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.

⇒ આલ્બિનિઝમ એ વંશાનુગત બિમારી છે જે ત્વચા, આંખ અને વાળમાં મેલેનીનની ઉણપથી થાય છે.

⇒ આલ્બિનિઝમથી પીડિત લોકોને દ્રષ્ટિની ખામી હોઈ શકે છે તથા તેઓ ત્વચાના કેન્સરનો શિકાર થવાની પ્રબળ સંભાવના ધરાવે છે.

• મેલેનીન = ત્વચાના રંગ સાથે જોડાયેલું તત્વ છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

[*] સંયુક્ત રાજ્ય અમેરિકાએ UNESCOમાં ફરીથી જોડાવાની જાહેરાત કરી.

⇒ સંયુક્ત રાજ્ય અમેરિકા ફરીથી UNESCOમાં જોડાશે અને 600 $ મિલિયનની સહાય કરશે.

⇒ UNESCOની નીતિ નિર્માણની પ્રક્રિયામાં ચીનના વધતા વર્ચસ્વને ધ્યાને રાખતા અમેરિકાએ આ નિર્ણય કર્યો.

⇒ 2017માં અમેરિકાએ ઈઝરાયેલ વિરોધી પૂર્વગ્રહ અને સમસ્યાઓની બાકાત સામે રાખી UNESCO છોડ્યું હતુ.

⇒ આ અગાઉ 1984માં રીગન પ્રશાસન હેઠળ પણ અમેરિકાએ UNESCO છોડ્યું હતું અને 2003માં ફરીથી તેમાં જોડાયું હતું.

**• UNESCO •**

⇒ United Nations Educational, Scientific and Cultural Organisation.

⇒ સ્થાપના - 1945

⇒ સભ્ય દેશ - 193

⇒ સહયોગી દેશ - 12

⇒ કાર્યક્ષેત્ર = શિક્ષણ, પ્રાકૃતિક વિજ્ઞાન, સામાજિક/માનવ વિજ્ઞાન, સંસ્કૃતિ, સૂચના માધ્યમ

⇒ વડુંમથક = પેરિસ, ફ્રાંસ

⇒ હાલના નિર્દેશક = ઓડ્રે અઝોલે

* — *

Current Affairs By C.H.Shingala

/ CrackGPSCapp
/ crackgpsc
/ CrackGPSCexam

જો કોઈ મુશ્કેલી અનુભવાય તો
હેલ્પલાઈન નંબર પર call/whatsapp કરો.
7990832358

Crack GPSC

# ||||| કરન્ટ ઈન શોર્ટ |||||

[*] સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા બાબતે 10,416 MW સાથે ગુજરાત પ્રથમ સ્થાને જ્યારે 10,125 MW સાથે તમિલનાડુ બીજા સ્થાને.

[*] ભારતના એથલીટ મુરલી શ્રીશંકર પેરિસ ડાયમંડ લીગમાં પુરુષ લાંબી કૂદમાં 8.09 મીટર સાથે ત્રીજા ક્રમે.

[*] ઈટલીના સૌથી લાંબો સમય સુધી પ્રધાનમંત્રી રહેનાર પ્રીમિયર સિલ્વિયો બર્લુસ્કોનીનું નિધન.

[*] હરિયાણા સરકારે પદ્મ પુરસ્કાર વિજેતાઓને 10,000 રૂ. માસિક પેન્શન આપવાની જાહેરાત કરી.

[*] ગુવાહાટી HC એ કૂતરાના માંસના વેપાર પરના નાગાલેન્ડ સરકારના પ્રતિબંધિત આદેશને રદ કર્યો.

[*] IIT મદ્રાસના શોધકર્તાઓએ દરિયાના પાણીને ઈલેક્ટ્રોલાઈઝ કરી તેમાંથી હાઈડ્રોજન ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી.

[*] ICMR ના રિપોર્ટ અનુસાર ભારત વિશ્વમાં ડાયાબિટિસની રાજધાની બની છે. 2019માં 70 મિલિયનની સાપેક્ષે હાલ ભારતમાં ટાઈપ-1 અને ટાઈપ-2 ડાયા- 44%. દર્દીઓ વધ્યા. બિટિશમાં ગોવા પ્રથમ, પુડુચેરી બીજા અને કેરળ ત્રીજા સ્થાને છે.

[*] અમિત અગ્રવાલ UIDAI ના CEO નિયુક્ત થયા.

[*] પ્રધાનમંત્રી મોદીએ પ્રથમ રાષ્ટ્રીય પ્રશિક્ષણ સંમેલનનું પ્રગતિ મેદાન, દિલ્લી ખાતે ઉદ્ઘાટન કર્યું.

[*] એપ્સન ઈન્ડિયાએ ઈકોટેંક પ્રિંટર માટે રશ્મિકા મંદાનાને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.

[*] દિલ્લી વિશ્વ વિદ્યાલય 2023-24 થી હિન્દૂ અધ્યયન કેન્દ્ર શરૂ કરશે. જેમાં હિન્દૂ સભ્યતાના વિવિધ મુદ્દાઓ, ઈતિહાસ બાબતે માર્ગદર્શિત કરાશે.

[*] ફોર્બ્સની ગ્લોબલ 2000 યાદીમાં રિલાયન્સ 45માં ક્રમે.

## [*] 14 જૂન - 2023 [*]

### [*] ફિલીપાઈન્સનો માયોન જ્વાળામુખી સક્રિય થયો.

⇒ 2460 મીટર ઊંચાઈ ધરાવતો અને શંકુ આકારનો માયોન જ્વાળામુખી સક્રિય થયો છે.

⇒ ફિલીપીન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોલકેનોલોજી એન્ડ સીસ્મોલોજીના અવલોકન મુજબ માયોન જ્વાળામુખીમાં 'પ્રવાહી વિસ્ફોટ' થયો છે જેમાંથી લાવા ધીરે ધીરે આગળ વધી રહ્યો છે.

⇒ મેયોન આસપાસના વિસ્તારમાં છેલ્લા 24 કલાકમાં 21થી વધુ નાના-મોટા ભૂકંપ પણ આવી ચૂક્યા છે.

⇒ મેયોન ફિલીપીન્સનો સૌથી સક્રિય જ્વાળામુખી છે જે છેલ્લે જાન્યુઆરી 2018માં ફાટ્યો હતો.

#### ⊙ વિશ્વના સૌથી સક્રિય જ્વાળામુખીઓ ⊙

1. માઉન્ટ એટના (ઈટલી)
2. મૌના લોઆ (હવાઈ દ્વીપ)
3. માઉન્ટ મેરાપી (ઈન્ડોનેશિયા)
4. માઉન્ટ વિસુવિયસ (ઈટલી)
5. માઉન્ટ એરેબસ (એન્ટાર્કટીકા)
6. તાલ જ્વાળામુખી (ફિલિપાઈન્સ)
7. સ્ટ્રોમ્બોલી (ઈટલી)

Current Affairs By G.H.Shingala

### [*] અંડર-17 એશિયાઈ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતે 1 ગોલ્ડ, 3-સિલ્વર, 3-બ્રોન્ઝ મેળવ્યા.

1. ગોલ્ડ = અંકુશ (55kg કેટેગરી) - ઈરાનના આમીરરેઝા અલી તેવમોરિઆદને હાર આપી.
2. સિલ્વર = ધનરાજ ભરત, રૂપેશ, રોહિત.
3. બ્રોન્ઝ = તુષાર (60kg), વિનય (92kg), જસપૂરન સિંહ (110kg)

⇒ ભારત ફ્રીસ્ટાઈલ ટીમ રેન્કિંગમાં ઈરાન બાદ બીજા ક્રમે છે.

[*] ભુવનેશ્વર ખાતે પ્રથમ જનજાતીય રમતોત્સવ સંપન્ન થયો.

⇒ ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અને ઓડિશા સરકારે કેઆઈઆઈટી વિશ્વવિદ્યાલયના સહયોગથી આ મહોત્સવની મેજબાની કરી.

⇒ 26 રાજ્યોના 5000 જનજાતીય ખેલાડીઓ અને 1000 જેટલા અધિકારીઓએ આ પ્રથમ રમતોત્સવમાં ભાગ લીધો.

⇒ કર્ણાટક ઓવરઓલ ઈવેન્ટમાં ફર્સ્ટ રનર અપ અને ઝારખંડ સેકન્ડ રનરઅપ રહ્યું.

⇒ ઓડિશાની પુરુષ અને મહિલા ટીમ રગ્બીમાં ગોલ્ડ મેળવ્યો.

⇒ વિવિધ રમતોમાં વિજેતા રાજ્યો.

ઓડિશાના મુખ્યમંત્રી
નવીન પટનાયક

| વિજેતા | | |
|---|---|---|
| રમત | પુરુષ વર્ગ | મહિલા વર્ગ |
| વોલીબોલ | કર્ણાટક | કર્ણાટક |
| ફૂટબોલ | ઓડિશા | છત્તીસગઢ |
| ખો-ખો | ઓડિશા | ઓડિશા |
| કબડ્ડી | ઓડિશા | કર્ણાટક |

[*] વૈશ્વિક ગુલામી સૂચકાંક - વોક ફ્રી NGO એ જાહેર કર્યો.

⇒ વૈશ્વિક ગુલામી (Slavery) સૂચકાંકની આ પાંચમી આવૃત્તિ છે. અગાઉ 2013, 2014, 2016 અને 2018માં તે જાહેર કરાયો હતો.

⇒ સૂચકાંકના ડેટા આધુનિક ગુલામીના વૈશ્વિક અનુમાનો દ્વારા ઉપલબ્ધ થયેલા આંકડાઓ પર આધારિત છે.

⇒ રિપોર્ટ અનુસાર 49.6 કરોડ લોકો આધુનિક ગુલામીમાં જીવી રહ્યા છે જેમાં ભારતમાં 11 મિલિયન લોકોનો સમાવેશ છે.

⇒ વર્ષ 2016 બાદ આધુનિક ગુલામીમાં રહેવા વાળા લોકોની સંખ્યામાં 10 મિલિયનનો વધારો જોવા મળ્યો છે. જેમાં 28 મિલિયન બળજબરીથી કામ અને 22 મિલિયન બળજબરીથી લગ્નનો સમાવેશ થાય છે.

GPSC, PSI, તલાટી, કલર્ક, TAT, TET, HTAT, કોન્સ્ટેબલ, MPHW

UP TO 40% OFF

ઓફર માર્યાદિત સમય માટે જ. વહેલા તે પહેલા ...




- ઓર્ડર કરવા Crack GPSC એપ ડાઉનલોડ કરો.
- BOOKS વિભાગમાં જઈ, BOOK સિલેક્ટ કરી BUY NOW પર ક્લિક કરો.
- 4 થી 7 દિવસમાં આપને કુરિયર મળી જશે. **કુરિયર સર્વિસ FREE**

Crack G GPSC

HELP માટે WhatsApp/call કરો. 7990832358

⇒ ઉત્તર કોરિયા, ઈરીટ્રિયા, મોરિટાનિયા, સાઉદી અરબ, તુર્કી, તાજિકિસ્તાન, UAE, રશિયા, અફઘાનિસ્તાન, કુવૈતમાં સૌથી વધુ આધુનિક ગુલામીનો પ્રભાવ છે.

⇒ સતત વિકાસ લક્ષ્ય (SDG) 8.7 નો ઉદ્દેશ્ય આધુનિક ગુલામી, જબરદસ્તીથી શ્રમ, માનવ તસ્કરીને સમાપ્ત કરવાનો છે.

• **આધુનિક ગુલામીનો અર્થ** •

⇒ આધુનિક ગુલામી એટલે શોષણની એવી સ્થિતિ જેમાં વ્યક્તિ ધમકી, હિંસા, જબરદસ્તી, શક્તિનો દુરઉપયોગ થવા સામે ના ન કહી શકે.

⇒ આધુનિક ગુલામીમાં જબરદસ્તીથી મજૂરી, જબરદસ્તીથી લગ્ન, વ્યાજખોરી, યૌન શોષણ, માનવ તસ્કરી, જેવી બાબતો સમાવિષ્ટ છે.

## ⊠ કર્ણાટકની ઈશાદ કેરીને GI Tag.

⇒ ઉત્તર કર્ણાટકની પ્રખ્યાત સ્વાદિષ્ટ ઈશાદ કેરીને GI Tag અપાયો.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

⇒ કર્ણાટકના અંકોલા આસપાસના કરવાર વિસ્તારમાં આ કેરી ઉગાડવામાં આવે છે.

⇒ અંકોલા સ્થિત માથા ટોટગર્સ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લિમિટેડ આ GI Tag માટે અરજી કરી હતી.

⇒ ઈશાદ કેરીના બે પ્રકાર- (1) કારી ઈશાદ અને (2) બિલી ઈશાદ

⇒ ઈશાદ કેરીનું વિકસિત વૃક્ષ એક મોસમ દરમિયાન 2000 સુધી ફળ આપે છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## ✱ ભારત-માલદીવ સંયુક્ત સૈન્ય અભ્યાસ-એકુવેરિન

⇒ ભારત-માલદીવ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ એકુવેરિનની 12મી આવૃત્તિ ઉત્તરાખંડના ચૌબાટિયા ખાતે આયોજિત થઈ.

⇒ એકુવેરિન શબ્દનો અર્થ 'મિત્ર' એવો થાય છે.

⇒ ભારત અને માલદીવની સેના વચ્ચે 14 દિવસ આ અભ્યાસ ચાલશે. જેનો ઉદ્દેશ્ય કાઉન્ટર ટેરરિઝમ ઓપરેશનમાં ઈન્ટરઓપરેબિલિટી વધારી માનવીય સહાયતા વધારવાનો છે.

⇒ આ અભ્યાસની 11મી આવૃત્તિ ડિસે. 2021માં માલદીવ ખાતે આયોજિત કરવામાં આવી હતી.

## ✱ ભારત અને ADB (એશિયન ડેવલપમેન્ટ બેંક) એ હિમાચલ પ્રદેશને $130 મિલિયન ડોલર આપવાની જાહેરાત કરી.

⇒ હિમાચલ પ્રદેશમાં બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ભારત અને ADB એ આ રકમ આપી.

Current Affairs C.H.Shingala GPSC

⇒ આ યોજના હેઠળ રાજ્યના સાત જિલ્લામાં 15,000 જેટલા કૃષિ પરિવારોની આવકમાં વધારો કરવામાં આવશે. અને અંદાજિત 6000 હેક્ટર જમીનમાં સિંચાઈની સગવડ પૂરી પાડવામાં આવશે.

### ⊙ ADB (એશિયન ડેવલપમેન્ટ બેંક) ⊙

⇒ 2022 સુધીમાં જાપાન અને USA પાસે (પ્રત્યેક પાસે) ADB ના 15.571% શેર હતા.

⇒ બેંક એશિયામાં સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપવા વિવિધ 3 વિભાગોમાં કાર્ય કરે છે.

⇒ મુખ્યાલય = મંડાલુયોંગ, ફિલીપાઈન્સ

સ્થાપના = 19 ડિસેમ્બર, 1966

સભ્ય = 68 દેશ

અધ્યક્ષ = મસાત્સુગુ અસાકાવા.

# ⊛ 15 જૂન-2023 ⊛

## ⊛ મીઠાનું ઉત્પાદન સરેરાશ કરતાં 5 લાખ મેટ્રિક ટન વધ્યું.

⇒ ભારતના કુલ મીઠા ઉત્પાદનના 70% માત્ર ગુજરાતમાં ઉત્પાદન થાય છે.

⇒ ગુજરાતમાં 35% મીઠું માત્ર ઝાલાવાડ પંથકના ખારાઘોડા, ઝીંઝુવાડા, હળવદ અને કુડાના રણમાં પાકે છે.

⇒ ખારાઘોડામાં આ વર્ષે અત્યાર સુધીમાં વિક્રમજનક 15 લાખ મેટ્રિક ટન મીઠાની આવક થઈ. જે સામાન્ય રીતે 10થી 12 લાખ મેટ્રિક ટન પાકતું હતું.

• ભારત અને ગુજરાતમાં મીઠાનો ઉદ્યોગ •

> ભારતમાં મીઠાનું કુલ ઉત્પાદન - 135 લાખ મેટ્રિક ટન
> ગુજરાતમાં મીઠાનું કુલ ઉત્પાદન - 97.20 લાખ મેટ્રિક ટન
> ગુજરાતમાં મીઠાના કુલ એકમો - 591
> ગુજરાતમાં મીઠા ઉદ્યોગથી પ્રત્યક્ષ/પરોક્ષ રોજગારી - 1,51,000
> ખારાઘોડામાંથી મીઠાની નવી આવક - 15 લાખ મેટ્રિક ટન

Current Affairs By C H Shingala GPSC

## ⊛ ઈતિહાસમાં 12 જૂનની તારીખનું મહત્ત્વ.

⇒ 12 જૂન, 1928 એ બારડોલી સત્યાગ્રહ સાથે જોડાયેલો દિવસ છે. અને તેને 'બારડોલી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
વર્ષ 2023માં 95 મો બારડોલી દિવસ ઉજવાયો.

⇒ 'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે, હાંક વાગી વલ્લભની વિશ્વમાં રે' ગીત આ સમયે લડતને પ્રભાવિત કરી અને 50થી વધારે યુદ્ધગીતો આ સમયે રચાયા.

⇒ આ સમયે સૌથી વધુ ગીતો ફૂલચંદ શાહે લખ્યા હતા.

• આજ દિવસે વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ મળ્યું હતું.

## (*) વાવાઝોડાનું વિજ્ઞાન.

⇒ જ્યારે સમુદ્રની ગરમીનું પ્રમાણ એક હદથી વધે ત્યારે વાવાઝોડાનું નિર્માણ થાય. પવનની ઝડપ 74 km સુધી પહોંચે ત્યારે વાવાઝોડું સર્જાય.

⇒ જ્યાં સુધી સમુદ્રમાંથી ગરમ પવનો મળતા રહે ત્યાં સુધી વાવાઝોડું સક્રિય રહે છે.

### • વાવાઝોડાના ઉદ્‌ભવના કારણો •

→ વાવાઝોડાં હંમેશા પૃથ્વીની ભૂમધ્ય રેખા (વિષુવવૃત્ત, ઉષ્ણકટિબંધ) આસપાસ જ સર્જાય છે કારણ કે આ વિસ્તાર પ્રમાણમાં વધુ ગરમ હોય છે.

→ આ વિસ્તારમાં સમુદ્રી પવનો આમસામે અથડાતા ઊંચે ચઢે અને વાતાવરણમાં રહેલ ખાલી જગ્યાઓ પુરવા પ્રયાસ કરે.

→ ગરમ હવા ઉપર ચઢી ઠંડી હવા જોડે મિશ્ર થઈ વાદળનું નિર્માણ કરે છે.

→ પૃથ્વીના સતત ભ્રમણના કારણે ખાલી જગ્યા તરફ આવતો પવન વળાંક લે અને ત્યાં ચક્રાકાર ગતિ જન્મે છે.

→ આ ભેજયુક્ત વાદળો વર્તુળાકાર ઘૂમવાનું શરૂ કરે અને છેવટે તે સાયક્લોન બને.

### • પવનને વાવાઝોડું બનાવતી કોરિયોલિસ ઈફેક્ટ •

→ ધરતીનું ભ્રમણ જ વાવાઝોડાંનું કારણ હોવાની વાત 19મી સદીમાં ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી ગસ્પાર્ડ કોરિયોલિસે જણાવી. જેથી આ સ્થિતિને કોરિયોલિસ ઈફેક્ટ કહેવાય છે.

→ જો વાવાઝોડું ઉત્તર ગોળાર્ધમાં હોય તો તે પવનની દિશા ઘડિયાળના કાંટાની દિશામાં હોય અને દક્ષિણ ગોળાર્ધમાં હોય તો ઘડિયાળના કાંટાની વિરૂદ્ધ દિશામાં હોય.

→ પવન અને ધરતીનું પરિભ્રમણ આમસામે આવે ત્યારે જ પવન વાવાઝોડાંનું સ્વરૂપ ધારણ કરે.

### • સ્ટોર્મ વેવ •

→ સમુદ્ર કિનારે આવતા સામાન્ય મોજાં જ્યારે વાવાઝોડાં દરમિયાન તેનું પ્રમાણ, ઝડપ, શક્તિ વધારે અને કાંઠા તરફની તિવ્રતા વધે ત્યારે તેને સ્ટોર્મ વેવ કહેવાય. જે અતિ નુકશાનને નોતરે છે.

## • વાવાઝોડાની આંખ •

→ વાવાઝોડાંની મધ્યનો ભાગ કે જે 50 km સુધીનો વ્યાસ ધરાવતો હોય અને અંદરથી સાવ ખાલી હોય તેને આંખ કહેવાય.

→ જો કોઈ જહાજ આંખના ભાગમાં હોય તો તેના પણ કોઈ જ વાવાઝોડાંની અસર થતી નથી.

## • વાવાઝોડાંની ગતિ મુજબ તેનું નામ •

→ જો પવનની ઝડપ 63 km સુધીની હોય તો એ ટ્રોપિકલ (ઉષ્ણકટિબંધ) સ્ટોર્મ કહેવાય.

→ જો પવનની ઝડપ 74 km સુધી પહોંચે તો એ ટ્રોપિકલ સાયક્લોન કહેવાય.

→ સામાન્ય રીતે વિવિધ સમુદ્રમાં વર્ષ દરમિયાન 10 થી વધુ વાવાઝોડાં સર્જાય છે પરંતુ કાંઠે ન આવે ત્યાં સુધી નુકશાન કરતા નથી.

## • વાવાઝોડાનો અંત એટલે લેન્ડફોલ •

⇒ જેમ દારૂનો હડો ઘર અને વાવાઝોડાંનો હડો એટલે જમીન.

⇒ જ્યારે પણ વાવાઝોડું લેન્ડફોલ થાય ત્યારે તેની અસર ઘટી જાય છે. અને સમુદ્રમાં તેની તાકાતથી 10માં ભાગની તાકાત થઈ જાય છે.

⇒ સામાન્ય રીતે વાવાઝોડાનો વ્યાસ 1000-1200 km હોય છે એટલે કાંઠાથી અંદર સેંકડો km સુધી તેનો તેજ પવન અનુભવાય છે.

Current Affairs By C.H.Sir

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલાર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

⊛ સુધાંશ પંત નવા કેન્દ્રીય આરોગ્ય સચિવ

⇒ કેન્દ્ર સરકારે કેન્દ્રિય સ્વાસ્થ્ય સચિવનો ચાર્જ સુધાંશ પંતને અને નાગરિક ઉડ્ડયન સચિવનો ચાર્જ વંચલ કુમારને સોંપ્યો.

⇒ હાલ પંત બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના સચિવ છે. તેઓ રાજેશ ભૂષણનું સ્થાન લેશે.

⇒ નેશનલ હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનના MD વંચલ કુમારને ઉડ્ડયન સચિવ બનાવાયા છે.

⊛ AI માનવ ઈતિહાસને બદલી નાખશે. હકીકત શું?

⇒ વિશ્વની ટેક કંપનીના ગઢ ગણાતા અમેરિકાના સિલિકોન વેલીમાં હાલમાં AI દ્વારા માનવ ઈતિહાસને બદલવાની બાબત પર ચર્ચાઓ કરવામાં આવી.

⇒ AI માનવ અને મશીનને એક કરી સારૂ અથવા ખરાબ એમ કોઈ પણ ભવિષ્ય આપી શકે છે પરંતુ માનવ ઈતિહાસની એક બાબત બદલી નાખશે અને તે છે 'એકલતા'.

⇒ ટેસ્લાના CEO એલન મસ્કના મતાનુસાર આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સના આગમનને સિન્ગ્યુલારિટી કહેવામાં આવે છે. કારણ કે તેનાથી આગળ શું થશે તે કહેવું મુશ્કેલ છે.

⇒ AI સંબંધિત મોટા ભાગની કંપનીઓના સંશોધનો માત્રને માત્ર ઉચ્ચ નફો મેળવવાનો હેતુ ધરાવે છે.

⇒ નિષ્ણાતો AI ના ફાયદા અને ગેરફાયદાને ત્રાજવે મૂકી તેના પર મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવાની સલાહ આપે છે. તેમ છતાં AI ને કાબુમાં લાવવાની કોઈ જ ગેરંટી દેખાતી નથી.

Current Affairs By C.H.Jhingala GPSC

## [*] 16 જૂન- 2023 [*]

### [*] કેન્દ્ર સરકાર જનજાતિય સમૂહો માટે અલગ માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરશે.

⇒ કેન્દ્ર સરકાર નબળા જનજાતિય સમૂહો (PVTG - Particularly Vulnerable Trible Groups) માટે માનવ વિકાસ સૂચકાંક (HDI) વિકસિત કરવા સર્વેક્ષણ કરશે.

⇒ PVTG ના 28 લાખ લોકો દેશભરના 22,000 થી વધુ ગામોમાં વસી રહ્યા છે. આ તમામની જીવનશૈલીમાં આવેલા બદલાવ અંગે ડેટાબેસ તૈયાર કરી તેમનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

⇒ વર્ષ 2023-24 ના બજેટમાં PVTG ના વિકાસ માટે રૂ. 15000 કરોડ ફાળવવામાં આવ્યા હતા જેનો આવનારા ત્રણ વર્ષમાં ઉપયોગ કરાશે. આ રકમથી સંચાર, વીજળી, શિક્ષણ, સ્વાસ્થ્ય, પાણી જેવી જરૂરિયાતની સેવાઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકાશે.

⇒ આ ઉપરાંત સૌથી અગત્યની બાબત જનજાતીય સમુદાયમાં સિકલસેલ એનિમિયા રોગની પરીક્ષણ કરી તેને અટકાવવા માટે કામ કરાશે. PVTG ની સૌ પ્રથમવાર ઓળખ - ઢેબર આયોગે આપી હતી.

Current Affairs By G.H.Shingala

### [*] ઈકબાલ મસીહ પુરસ્કાર - 2023

⇒ અમેરિકી મહાવાણિજ્યદૂત જૂડિથ રવિને અમેરિકી વાણિજ્ય દૂતાવાસ ખાતે ચેન્નઈના વકીલ કાર્યકર્તા લલિતા નટરાજનને બાળ મજૂરીના નિવારણ માટેના કામ બદલ આ પુરસ્કાર આપ્યો.

⇒ લલિતાએ બાળ મજૂરીના અધિકારને લાગૂ કરવા માટે એક વકીલ અને કાર્યકર્તા તરીકે તેમના કરિયર દરમિયાન યોગદાન આપ્યું.

⇒ દ.ભારતમાં તેઓ બાળશ્રમ સમાપ્ત કરવા માટેની લડાઈના મુખ્યનેતા તરીકે કામ કરી રહ્યા છે. તેઓ માંગ કરી રહ્યા છે કે બાળ મજૂરીથી પીડિતોને POCSO હેઠળ લાવવામાં આવે.

⇒ ઈકબાલ મસીહ પુરસ્કાર ઈકબાલ મસીહના નામ પરથી છે કે એક પાકીસ્તાની બાળક છે. જેમને માત્ર 4 વર્ષની ઉંમરે ગુલામીમાં વેચી દેવાયા હતા અને 10 વર્ષની ઉંમર સુધી તે બંદી હતા.

⇒ છૂટકારા બાદ ઈકબાલે બાળશ્રમ વિરુદ્ધ અનેક મુહિમો ચલાવી પરંતુ માત્ર 12 વર્ષની ઉંમરે તેમનું મૃત્યુ થયું.

[*] ભારત 2023માં પ્રથમવાર ફ્રાંસ ખાતે એનેસી ઈન્ટરનેશનલ એનિમેશન ફેસ્ટિવલ (AIAF)માં ભાગ લેશે.

⇒ સૂચના અને પ્રસારણ સચિવ અપૂર્વ ચંદ્રાના નેતૃત્વમાં એનિમેશન ઉદ્યોગના પ્રતિષ્ઠિત હસ્તીઓ સાથે ભારત આ પ્રદર્શનમાં ભાગ લેશે.

⇒ ભારત હાલ વૈશ્વિક સ્તરે VFX અને એનિમેશન ક્ષેત્રે પસંદગીના સ્થળ તરીકે વિકસી રહ્યું છે. અને એનિમેશન, ગેમિંગ, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, કોમિક્સ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે.

⇒ ભારત વિદેશી કંપનીઓને આ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા રોકડ સહાય પણ કરી રહ્યું છે.

⇒ ચંદ્રાએ AIAFના અધ્યક્ષ માઈકલ મારિન સાથે મુલાકાત કરી અને ભારતીય મંડપનું ઉદ્ઘાટન કર્યું જે સરસ્વતી યંત્ર થીમ પર બનાવાયું હતું.

⇒ ભારતે વર્ષ 2021માં એનિમેશન અને VFX માર્કેટમાં 109 અરબ રૂપિયાની આવક દર્શાવી જે 2024 સુધીમાં 180 અરબ સુધી થવાની સંભાવના છે.

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ
2021-22 ની પરીક્ષાઓમાં કરન્ટ અફેર્સ
PSI 100 %
બિન સચિવાલય 100 %
Dy. SO 48 માંથી 44 પ્રશ્નો
સિનિયર ક્લાર્ક 100 %
ATDO 100 %
GPSC ક્લાસ 1, 2 2023
54 પ્રશ્નો
સીધા Crack GPSC માંથી જ
સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.
સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે 5,00,000+ યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ
ગુજરાતની No. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર
બિનસચિવાલય ક્લાર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT
7600051070
કરન્ટ અફેર્સ
Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp
એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...
• Monthly મેગેઝિન
• MCQ PDF
• કરન્ટ શતક
• One-Liner PDF
• પ્રેક્ટિસ
• Important Articles
Current Affairs મોક ટેસ્ટ વિભાગ
જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે.
તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

[*] તેલંગાણાની પાંચ ઈમારતોને આંતરરાષ્ટ્રીય ગ્રીન એપલ પુરસ્કાર.

=> લંડન સ્થિત NGO ગ્રીન ઓર્ગેનાઈઝેશન દ્વારા 1994થી વિશ્વમાં પર્યાવરણીય સુરક્ષાને પ્રોત્સાહિત કરવા આ પુરસ્કાર આપવામાં આવે છે.

=> ભારતમાં પ્રથમવાર આ ઘટના બની છે કે એક સાથે પાંચ ઈમારતોને આ પુરસ્કાર અપાયો હોય.

① વિરાસત શ્રેણીમાં - મોજ્જમ જાહી માર્કેટ

② બ્રિજ શ્રેણીમાં - ચેરવુ કેબલ બ્રિજ

③ કાર્યાલય અને કાર્યક્ષેત્ર શ્રેણીમાં - ડૉ. આંબેડકર સચિવાલય ભવન, તેલંગાણા

④ અદ્વિતીય કાર્ય શ્રેણીમાં - પોલીસ કમાન નિયંત્રણ કેન્દ્ર, તેલંગાણા

⑤ ધાર્મિક શ્રેણીમાં - ભગવાન લક્ષ્મી નરસિમ્હા સ્વામીનું યદાદ્રી મંદિર.

---

[*] વિશ્વ રક્તદાતા દિવસ - 14 જૂન

=> રુધિર અને રક્તદાનના મહત્ત્વની જાગૃતી લાવવા માટે વર્ષ 2004માં WHO એ આ દિવસની સ્થાપના કરી હતી.

=> આ દિવસ કાર્લ લેન્ડસ્ટીનરની જયંતીને ચિહ્નિત કરે છે જેમણે રુધિર જૂથોની શોધ અને વર્ગીકરણ કર્યું હતું.

=> 1919માં ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ અને રેડ ક્રિસેંટ સોસાયટીએ રક્તદાન માટે પ્રેરિત થવા સંસ્થાઓ સ્થાપવાની શરૂઆત કરી.

=> વર્ષ 2023 માટે અલ્જીરિયા મેજબાન રાષ્ટ્ર હતું.

=> વર્ષ 2023ની થીમ - 'લોહી આપો, પ્લાઝ્મા આપો, જીવન આપો, વારંવાર આપો!

(Give Blood, Give Plasma, Give life, share Again and Again)

Current Affairs By C.H.Shireshia GPSC

## [*] વિણુ કુહ ઉત્સવ - અરૂણાચલ પ્રદેશ.

⇒ અરૂણાચલ પ્રદેશના સુદૂર પૂર્વીય લોંગડિંગ પહાડી ભાગમાં પ્રકૃતિઓની લય અને માણસો અને પ્રકૃતિ વચ્ચે સંવાદ લાવવા વાર્ષિક ધોરણે આ ઉત્સવ મનાવાય છે.

⇒ આ ઉત્સવ સામાન્ય રીતે તાંગસા જનજાતિ ઉજવે છે. જેઓ કૃષિ પરંપરા સાથે જોડાયેલા છે.

⇒ આ ઉત્સવ 'ડાંગર ટ્રાન્સપ્લાન્ટેશન ફેસ્ટિવલ' તરીકે પણ ઓળખાય છે. ઉત્સવની શરૂઆત સામૂહિક પ્રાર્થના અને ચોખાના બીજની વાવણીથી થાય છે. અને ત્યારબાદ રેંગકર (પરંપરાગત ઢોલ) અને પેંગટોઈ (વાંસળી)ના લયબદ્ધ તાલની ધૂન ગાવામાં આવે છે. અને પુરુષો પાકની લણણી કરતા હોય તેવું દૃશ્ય ઊભું કરી નૃત્ય કરે છે.

⇒ આ ઉત્સવમાં 'અપોંગ' તરીકે ઓળખાતું રાઈસબીયર પીણું મુક્તપણે ઉપયોગમાં લેવામાં આવે છે.

---

## ||||| કરન્ટ ઈવેન્ટ શોર્ટ |||||

Current Affairs By C.H.Shingala

[*] RBI નાગાલેન્ડમાં ક્ષેત્રીય કાર્યાલય શરૂ કરશે.

[*] કેન્દ્ર સરકારે તણાવ મુક્ત રહેવા 'વાઈ-બ્રેક-યોગા એટ ઓફિસ-ચેર' કાર્યક્રમ શરૂ કર્યો.

[*] ગુવાહાટી રેલવે સ્ટેશનને FSSAI તરફથી 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર અપાયું.

[*] પ્રધાનમંત્રી મોદી અમેરિકી કોંગ્રેસને બે વાર સંબોધિત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા.

[*] ભારતીય નૌસેનાએ સર્વે વેસલ પ્રોજેક્ટનું ચોથું જહાજ 'સંશોધક' ચેન્નઈના કટ્ટુપલ્લી ખાતે લોન્ચ કર્યું.

[*] ઓનલાઈન ફરિયાદ લખાવવા માટે અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ 'અરૂણપોલ એપ' લોન્ચ કરી.

**વધુ ભાગ 2 માં...**